# સોમનાથ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓ શ્રાવણ માસમાં કાળી પટ્ટી બાંધી ફરજ બજાવશે

## બીએમએસના નેજા હેઠળ કર્મચારીઓએ પડતર પ્રશ્નો અને સેટલમેન્ટને લઈ ટ્રસ્ટ સામે મોરચો ખોલ્યો






(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૫

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભ સાથે સોમનાથ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓએ પડતર માંગણીઓ અને સેટલમેન્ટ મુદ્દે ટ્રસ્ટ સામે વિરોધ પ્રદર્શનનું રણશીંગુ ફૂંક્યું છે. ભારતીય મજદૂર સંઘ સંલગ્ન ટ્રસ્ટ કર્મચારીઓના યુનિયનની બેઠક મળી હતી. જેમાં આખો શ્રાવણ માસ ટ્રસ્ટના કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કરશે તેવું નક્કી થયુ છે. તો સોમનાથ ટ્રસ્ટના કર્મચારીઓની ન્યાયિક માંગના મુદ્દે સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા અને ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ હીરા જોટવા પણ સમર્થનમાં આવ્યા હતા. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના ભારતીય મજદુર સંઘ સંલગ્ન કર્મચારી યુનિયનની જાહેર બેઠક આજે સોમનાથ ખાતે મળી હતી. જેમાં ભારતીય મજદુર સંઘના પ્રદેશ મંત્રી નાનાગિરધર પાટીલ, મહામંત્રી પ્રતાપ કટારીયા, સોમનાથ ટ્રસ્ટ યુનિયનના પ્રમુખ જગદીશ પાઠક, ઉપપ્રમુખ માનસિંગ ડોડીયા, ધારાસભ્ય વિમલ ચુડાસમા, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ હીરાભાઈ જોટવા, સોમપુરા બ્રહ્મ સમાજના પ્રમુખ હેમલ ભટ્ટ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા કર્મચારીઓ સાથે કરવામાં આવતા મનસ્વી વલણની નિંદા કરાઈ હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટ કર્મચારી યુનિયનના પ્રમુખ જગદીશ પાઠક અને ઉપપ્રમુખ માનસિંગ ડોડીયા એ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ટ્રસ્ટના કર્મચારીઓનું સેટલમેન્ટ લાંબા સમયથી પેન્ડિગ છે અગાઉ કોરોનાકાળ સમયે ટ્રસ્ટની વિનંતીના પગલે કર્મચારીઓએ બેહું સેટલમેન્ટ ગ્રાહ્ય રાખી સહકાર આપેલ પરંતુ ટ્રસ્ટ દ્વારા કર્મચારીઓ સાથે મનસ્વી વર્તન દાખવી સેટલમેન્ટ સહિત કર્મચારીઓના પડતર પ્રશ્ને કોઈ જવાબ આપતું નથી. ટ્રસ્ટને યુનિયન તરફથી ૧૫ વાર પત્રો લખવા છતાં કોઈ હકારાત્મક વલણ દાખવવામાં આવતું નથી. ભારતીય મજદુર સંઘના પ્રદેશ મંત્રી નાનાગીરધર પાટીલે સોમનાથ મંદિર ટ્રસ્ટના સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કર્મચારીઓની ન્યાયિક માંગણીઓ પ્રત્યે સેક્રેટરીના જડ અડીયલ વલણના કારણે સમસ્યા ઉભી થઈ છે. જો વહેલી તકે કર્મચારીઓના પ્રશ્નનો સુખદ ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ફરજ પડશે. કર્મચારીઓ દ્વારા શ્રાવણ માસની પૂર્વ સંધ્યાએ જ ટ્રસ્ટની સામે વિરોધ પ્રદર્શનનું રણશીંગુ ફુંકી દીધું છે.

ટ્રસ્ટના કર્મચારીઓના સેટલમેન્ટ સહિતના મુદ્દે છેલ્લા ૧૫ માસથી રજૂઆત કરવા છતાં ટ્રસ્ટ તરફથી કોઈ હકારાત્મક જવાબ ન મળતા આખરે કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. આખા શ્રાવણ માસ દરમ્યાન ટ્રસ્ટના કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી પોતાનો વિરોધ નોંધાવનાર છે. આજે સવારે સોમનાથ ખાતે ભારતીય મધુર સંઘ સંલગ્ન સોમનાથ ટ્રસ્ટના યુનિટના હોદેદારો અને કર્મચારીઓની એક બેઠક મળી હતી જેમાં આ વિરોધ પ્રદર્શન જાહેર કરવામાં આવ્યું હતુ સાથે સાથે તમામ કર્મચારીઓએ યુનિયન ઓફિસથી સોમનાથ મંદિર સુધી મૌન રેલી યોજી ભગવાન સોમનાથને સોમનાથ ટ્રસ્ટને સદબુદ્ધિ આપે તેવી પ્રાર્થના કરી હતી. તો બીજી તરફ સોમનાથ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓને થતા અન્યાયમાં સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ હીરાભાઈ ચોટવા પણ સમર્થનમાં આવ્યા હતા અને સોમનાથ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓની વ્યાજબી અને ન્યાયિક માંગણીને સત્વરે ઉકેલવા વિનંતી કરી હતી. મંદિર ટ્રસ્ટના કર્મચારીઓના આક્ષેપ અને સેટલમેન્ટ મુદ્દે મંદિર ટ્રસ્ટ તરફ થી કોઈ આધિકારીક ખુલાસો કરાયો નથી. ત્યારે હાલ તો સોમનાથ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓ અને ટ્રસ્ટ વચ્ચે સર્જાયેલ વિવાદ આગળ જતાં શું સ્વરૂપ ધારણ કરશે તે જોવું રહ્યુ.

### ચોટલી રાજકોટના ઉકાણી પરિવાર દ્વારા માતાના સ્મરણાર્થે અનોખી સેવા

# દ્વારકામાં આવતા યાત્રિકો માટે ૧૨ દિવસ સુધી ભોજન(પ્રસાદ)નું નિઃશુલ્ક આયોજન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૫

દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિર દેવસ્થાન સમિતિના સદસ્ય,પવિત્ર ઉમિયાધામના ચેરમેન તેમજ રાજકોટના પ્રખ્યાત ઉદ્યોગપતિ, દ્વારકાધીશના પરમ ભક્ત વૈષ્ણવ મૌલેશભાઈ ડાહ્યાભાઈ ઉકાણી પરિવાર દ્વારા ગત ૩૦ જુલાઈ સાંજથી આગામી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધી દ્વારકાધીશ જગત મંદિર ૫૬ સીડી પાસે આવેલ શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારકા દ્વારા સંચાલિત ભોજન પ્રસાદાલયમાં માતૃશ્રી સ્વ. લાભુબેન ડાહ્યાભાઈ ઉકાણીના સ્મરણાર્થે નિઃશુલ્ક ભોજન પ્રસાદ યાત્રિકોને આપી અનોખી સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. સામાન્ય દિવસોમાં લગભગ ૨૦૦૦ જેટલા યાત્રિકો ભોજન પ્રસાદ ગ્રહણ કરે છે.

જ્યારે શનિવાર અને રવિવાર તેમજ તહેવારોના સમયગાળા દરમિયાન આ સંખ્યામાં વધારો થાય છે. ત્યારે આ ભગીરથ સેવાકીય પ્રવૃતિમાં પિતા ડો.ડાહ્યાભાઈ ઉકાણી તેમજ બંને પુત્રો મૌલેશભાઈ ઉકાણી અને નટુભાઈ ઉકાણી સહયોગ આપી રહ્યા છે. આ પ્રસંગે મૌલેશભાઈ ઉકાણી પરિવારના દ્વારકા તીર્થગોર વિમલભાઈ ઠાકર પરિવાર દ્વારા આ ઉમદા કાર્યને બિરદાવી સહયોગ આપવામાં આવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સંચાલિત ભોજન પ્રસાદાલયમાં માત્ર નજીવા ટોકન ચાર્જ દ્વારા શુદ્ધ સાત્વિક ભોજન પ્રસાદ ભક્તોને આપવામાં આવી રહ્યું છે ત્યારે ઉપરોક્ત લગભગ ૧૨ દિવસ દરમિયાનના યાત્રિકો માટેના ભોજન પ્રસાદના યજમાન તરીકે આ વૈષ્ણવ પરિવારનું અનેરુ યોગદાન છે. ગુગ્ગુળી સમાજના યુવા સભ્યો જયદીપભાઈ પુજારી, હેમલભાઈ દવે, ભાર્ગવભાઈ ભટ્ટ, જીતેશભાઈ ઠાકર, વિપુલભાઈ વાયડા, મુકુંદભાઈ વાયડા, કીર્તનભાઈ પાઢ, અંબરીષભાઈ ઠાકર વગેરેની ભોજન પ્રસાદ સમિતિ દ્વારા દ્વારકામાં આ એક શ્રેષ્ઠ સેવાકીય કામગીરી થઈ રહી છે.

# દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારા ઉજવાયો ૨૦૨૪ના વર્ષનો ભવ્ય દિવાસા જાગરણ મહોત્સવ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૫

દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાનવૃતિ કરનાર દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ તથા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે ગઈકાલે અષાઢ વદ અમાસની રાત્રે બ્રહ્મપુરી નંબર-૧માં ભવ્ય દિવાસા જાગરણ મહોત્સવ ઉજવવામાં આવ્યો. દ્વારકાના પ્રખ્યાત સંગીત કલાકાર તેમજ ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના ભાર્ગવભાઈ ઠાકર અને તેની ટીમ દ્વારા સંગીતનું રસપાન કરાવવામાં આવ્યું. આ પ્રસંગે દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ કારોબારી સદસ્યો, મધ્યસ્થ સભા સદસ્યો, સામાજિક કાર્યકરો, મહિલા મંડળ સદસ્યો તેમજ જ્ઞાતિના અબાલ વૃદ્ધો સહિત ખૂબ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં લોકો જોડાયા હતા. કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય, સહમંત્રી ચેતનભાઈ પુજારી દ્વારા પ્રાસંગિક ઉદબોધન, હસ્તી ઠાકર દ્વારા ગણેશ વંદના, કૌમુદીબેન ઠાકર દ્વારા સ્તુતિ કર્યા બાદ ભાર્ગવભાઈ ઠાકર અને ટીમ દ્વારા ધાર્મિક,સાંસ્કૃતિક, લૌકીક તેમજ ફિલ્મ ગાયન અને વાદન દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો. મહિલા મંડળ પ્રમુખ હેમાબેન ઠાકર દ્વારા સર્વનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકામાં ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિની બહેનો માતાઓ દ્વારા અષાઢ માસમાં થતા જયા પાર્વતી વ્રતનું જાગરણ અષાઢ વદ અમાસ ના રાત્રે ઉજવવામાં આવે છે જેને દિવાસા જાગરણ મહોત્સવ તરીકે ઓળખવામાં આવે છે.

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સોરઠીયા શ્રીગોડ માળવીયા બ્રાહ્મણ મુળ દાત્રાણા હાલ જૂનાગઢ નિવાસી સ્વ. વિનોદરાય મંગળજી પુરોહીતનાં સુપુત્ર ગૈરાંગ વિનોદરાય પુરોહીત (નિવૃત શિક્ષક)ના સુપુત્ર તથા હર્ષકાન્ત વિનોદરાય પુરોહીત (એડવોકેટ)ના ભત્રીજા તથા અ.સૌ. ભાવનાબેન રસીકલાલ ભટ્ટ, અ.સૌ. પ્રજ્ઞાબેન જીતેન્દ્રકુમારના ભત્રીજા તથા યોગેશભાઈ, વાલ્મીકભાઈ, અનિલભાઈ, પ્રફુલાબેન, ગીતાબેનનાં ભાણેજ તે અંકિત ગૌરાંગભાઈ પુરોહીતનું તા. ૨-૮-૨૪ને શુક્રવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની કુટુંબપક્ષ તથા મોસાળપક્ષની સંયુકત સાદડી તથા બેસણું તા. ૫-૮-૨૪ને સોમવારનાં રોજ સાંજે ૪ થી ૫, અક્ષર મંદિર (બીએપીએસ), વંથલી રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

જૂનાગઢ : જનકભાઈ વ્યાસ(મુરલીધર લોજ વાળા) તે ગીરજાશંકર પ્રભાશંકરભાઈ વ્યાસના પુત્ર, તે નરેન્દ્રભાઈ, જોગેશભાઈ ના મોટાભાઈ, વિપુલા, કર્તવ્ય અને હિરેનરના પિતાશ્રીનું તા.૫ના સોમવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૮ ઓગસ્ટને ગુરૂવારે સાંજે ૫ થી ૬ હાટકેશ્વર મહાદેવ મંદિર, જવાહર રોડ ખાતે રાખેલ છે.

સ્વ.પ્રવિણાબેન હરસુખલાલ બાટવીયા તે સ્વ.હરસુખલાલ કાંતિલાલ બાટવીયાના ધર્મપત્ની તથા પરેશભાઈ બાટવીયા(અખંડ રામધુનવાળા)ના ભાભી તથા મુંબઈ નિવાસી દલપતભાઈ હરજીવનભાઈ વસાણીની સુપુત્રી તેમજ દ્વારકાદાસભાઈ બળવંતભાઈ, ચંદ્રકાંતભાઈ(મુંબઈ)તથા વિમળાબેન(સુરત)ના બહેનનું તા.૩-૮-૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તથા પિયર પક્ષની સાદડી સોમવાર તા.૫-૮-૨૪ના રોજ સાંજે ૪થી ૫ અખંડ રામધુન મંડળ, સત્યમ સેવા મંડળ હોલ, અંબીકા ચોક, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# ગ્રીનસીટી દ્વારા સારંગપુર હનુમાનના મુની સ્વામીના હસ્તે વૃક્ષારોપણ

### સારંગપુર હનુમાન મંદિરના પંટાગણમાં વૃક્ષારોપણ કરાયું



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૫

શનિવારના રોજ સવારે ૧૧ વાગે સારંગપુર હનુમાન મંદિરના પટાંગણમાં સ્વામિનારાયણ મુની સ્વામીશ્રીના વરદ્હસ્તે ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ દ્વારા શ્રીરામ, હનુમાનદાદા તથા શનિદેવને પ્રિય વૃક્ષ એવું શમી વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. દેવેનભાઈ એ જણાવ્યું હતુ કે ઘણા સમયથી મને ઈચ્છા હતી કે કષ્ટભંજન દેવ શ્રી હનુમાનદાદાનું પ્રિય વૃક્ષ શમીનું વૃક્ષ અહીંના પટાંગણમાં હોય. આ હેતુથી જ આ વૃક્ષારોપણનો કાર્યક્રમ અહી રાખવામાં આવ્યો હતો. હું ભાવનગરથી ખાસ મારી સાથે શમીનું વૃક્ષ લઈ ગયો હતો.

# સોમનાથ પોલીસની પ્રશસંનીય કામગીરી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૫

સોમનાથ મંદિર ખાતે દર્શનાર્થી આવેલા જ્યારે તેમનો મોબાઈલ ખોવાઈ ગયેલો હતો જે ફરજ ઉપરના જીઆરડી સભ્યો કાનજીભાઈ બચુભાઈનાઓને મળી આવેલ જેઓએ સુરક્ષાના અધિકારી ડીવાયએસપી વ્યાસ, પીઆઈ આર.એન. જાડેજા જાણ કરી ત્યાર પછી તેઓએ મૂળ માલિકને શોધી ખરાઈ કરી તેઓને મોબાઈલ પરત કરેલો છે. જેમાં સોમનાથ મંદિર પોલીસે માનવ અભિગમ રાખી એક સરાહનીય કામગીરી કરી હતી.

# અદાણી ફાઉન્ડેશનના પ્રયાસોથી જળાશયો છલોછલ, જનતા ખુશખુશાલ !

### અદાણી પરિવાર સાથે મળી ગામ લોકોએ જળાશયોમાં નવા નીરને વધાવ્યા





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૫

અદાણી ફાઉન્ડેશન જળ સંરક્ષણ, જળ સંવર્ધન અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે પ્રસંશનીય કામગીરી કરી રહ્યું છે.ચાલુ વર્ષે મેઘરાજાની અનરાધાર મહેરથી કચ્છના જળાશયો છલકાઈ રહ્યા છે. જળસંગ્રહ માટેના ઉત્તમ અવસરને જોઈ અદાણી ફાઉન્ડેશને પહેલેથી જ વ્યાપક કામગીરી આરંભી છે.મુંદ્રા, માંડવી, અબડાસા, લખપત, રાપર, અંજાર અને ભુજ તાલુકાનાં ૭૦ થી વધુ ગામોમાં જળ સંરક્ષણની કામગીરી કરવામાં આવી છે.જેમાં બોરવેલ રિચાર્જ, ભૂગર્ભ ટાંકામાં જળસંગ્રહ અને નવા કૂવા બનાવવાના કામો શામેલ છે. કચ્છમાં સારોવરસાદ થતાં તળાવો અને જળાશયોની સાથે લોકોનો આનંદ પણ ઉછાળા મારી રહ્યો છે. માંડવી તાલુકાના બીદડા તેમજ મુંદ્રા તાલુકાનાં મોટી ખાખર ગામે જળસંરક્ષણ ક્ષેત્રે અદાણી ફાઉન્ડેશનની ઉમદા કામગીરીનેવધાવવા અદાણી પરિવારનેનવાજવામાં આવ્યું હતું. જેમાં APSEZના એક્ઝિક્યુટિવ ડાઈરેકટર રક્ષિતભાઈ શાહ, CEO સુજલ શાહ તથા અદાણી ફાઉન્ડેશનના CSR હેડ પંક્તિબેન શાહ સહિત સમગ્ર ટીમને સરપંચો તેમજ ગ્રામજનોની ઉપસ્થિતીમાં તળાવોમાંનવા નીરને વધાવવામાં આવ્યા હતા.

અદાણી પરિવારનો આભાર માનતા બીદડાના સરપંચ પ્રવીણભાઈ પટેલે જવાબદાર ઉધોગ ગૃહની પ્રસંશનીય કામગીરીને બિરદાવી હતી. જ્યારે અકરીના સરપંચ રાજુભા જાડેજાએ તળાવ સુધારણાથી પશુઓ અને ઘર વપરાશમાં માટે પાણીની સમસ્યા હલ થવાનોવિશ્વાસ વ્યકત કર્યો હતો. અદાણી ફાઉન્ડેશન દ્વારા નવા ચેકડેમ અને જૂના ચેકડેમ સુધારણાના૨૮ કામો,૯૩ તળાવો ઊંડા કરવાના કામો, છત પરના પાણી સંગ્રહ માટે ૩૮૫ ભૂગર્ભ ટાંકાદ્વારા ૩,૮૫,૦૦૦૦ લિટર પીવાના પાણીનો સંગ્રહ કરવાનું કામો કરવામાં આવ્યા છે. પડતર કૂવા અને બોરવેલ રિચાર્જનીવાત કરીએ તો, મુંદ્રા વિસ્તારમાં ૨૦૯ બોરવેલ રિચાર્જ, ૨૫નવા બોરવેલ -ઈંજેકશન વેલ બનવીને કરોડો લિટર પાણી ભૂગર્ભમાં ઉતારવાની સ્તુત્ય કામગીરી કરવામાં આવી છે. અબડાસા તાલુકામાં આ વર્ષે પાંચ ગામોમાં તળાવો ઊંડા ઉતારવા, પાળ સફાઈ, ઓગન રીપેરીંગ તથા આવ સુધારણાની કામગીરી વરસાદ પહેલા જ પૂર્ણ કરવામાં આવી છે. હોથીયાય ગામમાંઅદાણી સિમેન્ટ સાંઘીપુરમના પ્લાન્ટ હેડ વિવેક મિશ્રા, સિક્યુરિટી હેડ કર્ણાવત સહિત સરપંચ હાજી ઈસ્માઈલભાઈ સહિત અગ્રણીઓના હસ્તે જળાશયોમાં નવાનીરને વધાવવામાં આવ્યા હતા.તળાવો ઉંડા કરવાની કામગીરીથી૧૫૦ એકર જમીનને પિયતનો લાભ મળશે.જ્યારે રોકડિયા પાકો લેતા ખેડૂતોની ૩૦૦ એકર જેટલી જમીન અને ૩૦૦૦ થી વધુ પશુઓને પીવા માટે પાણી મળશે. અદાણી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડાઈરેકટર વી.એસ. ગઢવીએ જણાવ્યુંહતું કે "જળસંગ્રહ થકી ઘણી સમસ્યાઓ હળવી થઈ શકે છે. લોકો પોતે જ્યારે આવા કામમાં જોડાય ત્યારે તેનું પરિણામ ખૂબ સારું આવે છે. આગામી દિવસોમાં તે આ વિસ્તાર માટે સારી નિશાની છે. દરેક ગામોના અગ્રણીઓને ખૂબ ખૂબ અભિનંદન." જળ સંરક્ષણની ઉત્કૃષ્ટ કામગીરીને પગલે ભૂગર્ભજળની સ્થિતીમાં નોંધપાત્ર વધારો થયો છે. ખેડૂતો પણ આ આ ઉમદા કામગીરીમાં સ્વયંભુ જોડાઈકૂવા અને બોરવેલ રિચાર્જ કરી રહ્યા છે. ખાવડા જેવા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે બેગામમાં નવા કૂવાઓ બનાવવામાં આવ્યા છે. "જલ હૈ તો કલ હૈ" અંતર્ગત વરસાદી જળને દરિયામાં વહી જતું અટકાવી અદાણી ફાઉન્ડેશન દ્વારા લોકભાગીદારીથી સ્તુત્ય પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# માંગરોળમાં વિજ ધાંધીયા ત્રસ્ત લોકોએ કચેરીએ તડાપીટ બોલાવી





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૫

માંગરોળ બંદર વિસ્તારમાં લાંબા સમયથી પારાવાર વિજ ધાંધીયા અને તંત્ર દ્વારા હાલમાં મસમોટી રકમના આપવામાં આવેલા બિલો સંબંધે લોકોએ પીજીવીસીએલ કચેરીએ તડાપીટ બોલાવી હતી. વિજ અધિકારીએ લેબ. ટેકનિશ્યન ટીમને મોકલી મીટરો ચેક કરવાની ખાત્રી આપી હતી. ત્યારે ઉપસ્થિત લોકોએ સમસ્યાનો ઉકેલ ન આવે ત્યાં સુધી બિલ નહીં ભરવા સામૂહિક નિર્ણય કર્યો હતો. ૧૨ હજારની વસતી ધરાવતા માંગરોળ બંદરમાં અવારનવાર કલાકો સુધી વિજ કાપ, પાવર વધઘટ સહિતની સમસ્યાઓથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ ઉપરાંત હાલમાં વિજ વપરાશના કેટલાય કનેક્શનોમાં ગત બિલની સરખામણીમાં ડબલ રકમના બિલો આવતા લોકોમાં દેકારો બોલી ગયો હતો. દરમ્યાન આજે મહીલાઓ સહિત ૨૦૦થી વધુ લોકોએ વીજ કચેરીએ દોડી આવી "પીજીવીસીએલ હાય..હાય.."ના સૂત્રોચ્ચારો સાથે અધિકારી સમક્ષ રોષ ઠાલવ્યો હતો. ખારવા સમાજના લોકોએ આવેદન પાઠવી જણાવ્યું હતું કે નિયમિત બિલ ભરપાઈ કરતા હોવા છતાં વિજતંત્રની લાપરવાહીથી અવારનવાર લાઈટ કાપની સમસ્યાથી હાલાકી વેઠવી પડે છે. પાવરમાં વધઘટથી ટીવી, ફ્રીઝ સહિતના ઉપકરણોમાં નુકશાન થાય છે. અંદાજીત ત્રણેક હજાર જેટલા ઘર હોવા છતાં કોઈ હેલ્પરની હજુ સુધી નિમણૂંક થઈ નથી. સ્થાનિકોએ ૨૪ કલાકમાંથી અમુક વાર તો ૭ કલાક જ વિજળી મળતી હોવાનો આક્ષેપ કર્યો હતો. તંત્ર દ્વારા આપવામાં આવેલા ડબલ રકમના બિલો બાબતે ભૂલ વિજ વિભાગની અને નુકશાની અમારે ભોગવવાની, એ ક્યાંનો ન્યાય ?, સામાન્ય વિજ વપરાશ ધરાવતા તદ્દન નાના માણસો મસમોટા બિલો કઈ રીતે ભરપાઈ કરે ? એવા પ્રશ્નો ઉઠાવ્યા હતા. લોકોની આક્રમક રજૂઆતો બાદ અધિકારીએ વિજ મીટરો ચેક કરવા ટીમ મોકલવાની ધરપત આપી હતી. ત્યારબાદ લોકોએ મામલતદાર તેમજ ધારાસભ્ય પાસે દોડી જઈ તેઓને વિજ સંબંધિત સમસ્યાઓથી વાકેફ કર્યા હતા.

# બેફામ વેરો અને હલકી સુવિધાનો જવાબ આગામી ચૂંટણીમાં લોકો આપશે

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૫

વિસાવદર નગરપાલિકાના પાંચ વર્ષના શાસનકાળ દરમ્યાન આવેલી ગ્રાન્ટ અને તેના વપરાશ અંગેની આર.ટી.આઈ. સાથે કૌભાંડો બહાર આવવાની તૈયારી છે સાથે સાથે અસહ્ય કરવેરાથી પ્રજા હવે આ શાસનથી ત્રાહિમામ થઈ ગઈ હોય એવું લોકો માં ચર્ચાઈ રહ્યું છે. ગટર યોજનામાં કૌભાંડ કરી હવે ગટર વેરો ઉઘરાવવા નીકળેલી વિસાવદર નગરપાલિકાએ કેટકેટલી જગ્યાએ તો સરકારી નિયમ મુજબ કુંડી નથી બનાવી તો કેટલીક જગ્યાએ ચાર પાંચ ઘરો વચ્ચે એક કુંડી બનાવી છે લોકો એમ કહે છે સુવિધાઓ આપીને કરવેરો ઉઘરાવે તો યોગ્ય લાગે પણ વિસાવદર નગરપાલિકા એ તો સુવિધા હલકા પ્રકારની અને કર ઉંચા પ્રકારનો લેવામાં આવે છે જીવાપરા વિસ્તારમાં તો કેટલીક જગ્યાએ તો સીધા પાઈપો જ બેસાડી દીધા છે.

ગટર યોજના એ આ સરકારનો સૌથી મોટું ખિસ્સા ભરવાનો તેમજ કોન્ટ્રાકટરો માટે દૂઝણી ગાય સમાનની યોજના હોય એવું લાગે છે. ગટર યોજનાની કામગીરી હલકી હોવાનુ પણ દેખાય આવે છે.પણ પ્રજાની હવે સહનશક્તિની પરાકાષ્ઠા આવી ગઈ છે.

# જૂનાગઢ : નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવી







જૂનાગઢ, તા.૫

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ કચેરી અને ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ ગાંધીનગર તેમજ જૂનાગઢ રોજગાર કચેરી દ્વારા 'નારી વંદન ઉત્સવ' કાર્યક્રમ અંતર્ગત 'મહિલા સ્વાવલંબન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

જૂનાગઢ સ્થિત કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાગૃહ ખાતે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મહિલાઓને રોજગાર અને સ્વરોજગારી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ડાયરેક્ટર આરસેટી-ભવન, લીડ બેંક મેનેજર, શ્રમ આયુક્તની કચેરી, જિલ્લા રોજગાર અધિકારી, જિલ્લા મહિલા બાળ અધિકારી, દહેજ પ્રતિબંધક સહ-રક્ષણ અધિકારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના, છઁસ મહિલા આઈ.ટી.આઈ.કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મહિલાલક્ષી વિવિધ યોજનાઓની તેમજ મહિલા સ્વાવલંબી અને પગભર બને તેને અનુરૂપ વિગતો આપવામાં આવી હતી. રોજગારવાંચ્છુ મહિલાઓ માટે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું. મહિલાઓને રોજગારી માટે માધ્યમ મળી રહે તે ઉદ્દેશ્ય સાથે ખાનગી અગ્રગણ્ય એકમ જેવા કે વિનય ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ, ડી માર્ટ, ભારતીય જીવન વિમા નિગમ, તથા એસ.બી.આઈ. લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર, લાઈફ પ્લાનીંગ ઓફિસર, સેલ્સ એસોસિએટેડ, લેડી કેરિયર, એજન્ટ તથા લાઈફ મિત્ર જેવી કંપની હાજર રહી જગ્યાઓ પર ભરતી કરવામાં આવી હતી.

મહિલા સ્વાવલંબન યોજનાના મંજૂર થયેલ બેંક લોન પત્ર અને 'વ્હાલી દિકરી' યોજનાના લાભાર્થીને મંજૂર થયેલ હુકમનું વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં અંદાજે ૩૫૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો.તેમ જિલ્લા મહિલાઅને બાળ અધિકારી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કનઝર્વેશન સ્ટડીઝ દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણીનું આયોજન

## સિંહ ફોટો પ્રદર્શન, સિંહ પોસ્ટર પ્રેઝન્ટેશન અને શોર્ટ ફિલ્મ સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૫

સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃત્તિ આવે અને સિંહ સંરક્ષણમાં લોકોની ભાગીદારી વધે તે હેતુથી સમગ્ર વિશ્વમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૩ માં આફ્રિકન લાયન એન્વાયર્નમેન્ટ રિસર્ચ ટ્રસ્ટ ALERTના સ્થાપકો દ્વારા ૧૦ ઓગષ્ટના વિશ્વ સિંહ દિવસની ઉજવણીની શરુઆત કરવામાં આવી હતી. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કનઝર્વેશ સ્ટડીઝ અને લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે જૂનાગઢ શહેરનાં બિલખા રોડ સ્થિત એન.આર. વેકરિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી સી.એલ. કોલેજ કેમ્પસ ખાતે યોજનાર સિંહ દિવસની ઉજવણી અંતર્ગત



સિંહ ફોટો પ્રદર્શન, સિંહ પોસ્ટર પ્રેઝન્ટેશન અને શોર્ટ ફિલ્મ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધા અને તેમાં ભાગ લેવા માટે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ અથવા સી.એલ.કોલેજ કેમ્પસ ખાતે કાર્યરત સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કનઝર્વેશ સ્ટડીઝ ખાતે સંપર્ક કરવો. વિશ્વમાં સિંહની મૂળભૂત સાત પ્રજાતિઓ પૈકી અત્યારે માત્ર બે જ પ્રજાતિઓ જોવા મળે છે. સિંહને બે પેટાજાતિઓ : આફ્રિકન સિંહ (પેન્થેરા લીઓ લીઓ) અને એશિયાટિક સિંહ (પેન્થેરા લીઓ પર્સિકા)માં વર્ગીકૃત્ત કરવામાં આવે છે. એશિયાઇ સિંહએ ભારતમાં જોવા મળતી ૫ ''મોટીબિલાડી''ઓમાંથી એક છે. અન્ય ચાર પ્રજાતિમાં બેંગોલ ટાઈગર, ભારતીય દિપડો, બરફનો દિપડો (snow leopard), અને ધબ્બેદાર દિપડો (clouded leopard) છે. એશિયાટિક સિંહો આફ્રિકન સિંહો કરતા થોડા નાના હોય છે. બિલાડી કુળનું સિંહ એકમાત્ર પ્રાણી છે કે જેને પૂંછડી પર વાળનો ગુચ્છો જોવા મળે છે. નર સિંહના ગળાની આસપાસ લાંબા વાળ જોવા મળે છે. જેને 'કેશવાળી' કહેવામાં આવે છે. સિંહ પ્રેમીઓમાં થતી વાત મુજબ ગીરમાં સિંહની વેલર તથા ગઢીયો નામની બે જાત જોવા મળે છે. સિંહનું સરેરાશ આયુષ્ય ૧૮ વર્ષ આસપાસ છે. સિંહણનો ગર્ભાવધિકાળ ૧૦૫ થી ૧૧૦ દિવસનો હોય છે. સિંહના બચ્ચાંને કબ (cub) કે સાવજ કહેવામાં આવે છે. સિંહને ૧૮ નહોર (નખ) હોય છે, સિંહનાં સમૂહને ''પ્રાઈડ''તરીકે ઓળખવામાં આવેછે. સિંહ IUCN રેડ લિસ્ટમાં ભયગ્રસ્ત શ્રેણી તથા CITES પરિશિષ્ટ-૧ ઉપરાંત વન્યજીવ સંરક્ષણ ધારો-૧૯૭૨માં અનુસૂચિ-૧મા સામેલ છે. સમગ્ર વિશ્વમાં તા.૧૦ ઓગસ્ટને વિશ્વ સિંહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.ગુજરાતમાં સિંહની સૌથી વધુ વસ્તી જૂનાગઢ જિલ્લામાં છે ગુજરાતમાં આવેલું જંગલ અને વન્યજીવન અભયારણ્ય ગીરની સ્થાપના ૧૯૬૫માં કરવામાં આવી હતી, તે ૧,૪૧૨ ચો.કી.મી. (૨૫૮ ચો.કી.મી. રાષ્ટ્રીય ઉદ્યાન અને ૧૧૫૩ ચો.કી.મી. અભયારણ્ય)ના વિસ્તારમાં ફેલાયેલું છે. આગામી ૧૦ ઓગષ્ટે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરી આપણા ગૌરવંતા સિંહને ગૌરવ અપાવીએ, તેમ સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કનઝર્વેશ સ્ટડીઝનાં ડો. નિષીથ ધારૈયાએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# ફળ, શાકભાજી અને દાણામાં ચમક લાવવા 'સપ્તધાન્ય' કારગર

**ખેડૂતોએ ફળ-શાકભાજી અને દાણામાં ચમક લાવવા દેશી ઈલાજ અપનાવવા જેવો : કોઈ પણ પ્રકારના રસાયણના વગર 'સપ્તધાન્ય'ના ઉપયોગથી ફળ-શાકભાજી અને દાણાની ચમક વધશે : પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી પકવેલા ફળ અને શાકભાજી ઝેર મુક્ત હોવાની સાથે સારી ચમક આવવાથી ખેડૂતોને ભાવ પણ વધુ મળશે**

જૂનાગઢ, તા.૫

પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો માટે ફળ અને શાકભાજીમાં ચમક લાવવા માટે એક દેશી પ્રયોગ ખૂબ કારગર છે. અંકુરિત થયેલા તલ, મગ, અડદ, વટાણા, કોફી, મઠ, ચણા અને ઘઉંના દાણાંની પેસ્ટ બનાવી અને પદ્ધતિસરની પ્રક્રિયા અનુસરીને ફળ અને શાકભાજીમાં છંટકાવ કરવામાં આવે તો તેની ચમકમાં વધારો થાય છે.

પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી પકવેલા ફળ અને શાકભાજી ઝેર મુક્ત હોવાની સાથે સારી ચમક આવવાથી ખેડૂતોને ભાવ પણ વધુ મળશે. જૂનાગઢ જિલ્લામાં ૨૩,૪૫૧ ખેડૂતો ૩૦,૨૪૫ એકરમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. જિલ્લામાં પ્રાકૃતિક ખેતી થકી ખેડૂતો સમૃદ્ધ બને તે આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને તાલીમ સહિત જરુરી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે.

પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પન્ન થતી પેદાશોને આકર્ષક અને ચમકદાર બનાવવા માટે ખાસ કરીને ફળ અને શાકભાજી અને દાણામાં ચમક લાવવા માટે પણ પ્રાકૃતિક અને બિનખર્ચાળ ઉપાય કરવામાં આવતા હોય, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પુસ્તકમાં આ ઉપાય દર્શાવવામાં આવ્યા છે. આ ઉપાયનું નામ 'સપ્તધાન્ય' છે. સપ્તધાન્ય દ્વારા વિવિધ પ્રકારના સહેલાઈથી ઉપલબ્ધ એવા કઠોળ, અનાજ અને દાળના ૮૦૦ ગ્રામ દાણા દ્વારા એક ચોક્કસ પેસ્ટ બનાવી અને તેનો પ્રયોગ કરી શકાય છે. સપ્તધાન્ય તૈયાર કરવા માટે તલ, મગ, અડદ, વટાણા, કોફી, મઠ, ચણા અને ઘઉંના દાણાં એમ દરેક ૧૦૦ ગ્રામની માત્રામાં લેવા.

એક નાની વાટકીમાં તલના ૧૦૦ ગ્રામ દાણાં લઈ તેમાં એટલા પ્રમાણમાં પાણી નાખો કે જેથી બધા દાણાં પાણીમાં પલળી જાય. બે દિવસ બાદ એક મોટી વાટકીમાં ૧૦૦ ગ્રામ મગના દાણાં, ૧૦૦ ગ્રામ અડદના દાણાં, ૧૦૦ ગ્રામ વટાણાના દાણાં, ૧૦૦ ગ્રામ કોફીના દાણાં, ૧૦૦ ગ્રામ મઠના દાણાં, ૧૦૦ ગ્રામ ચણાના દાણાં, ૧૦૦ ગ્રામ ઘઉંના દાણાં ભેળવો. આ બધાને સારી રીતે ભેળવી તેમાં એટલું પાણી ઉમેરવું કે તેથી તે સારી રીતે પલળી જાય. ત્યારબાદ તેને ઘરમાં રાખો.

ત્રણ દિવસ બાદ બધા દાણાંને બહાર કાઢી લો, ત્યારબાદ કપડાની પોટલીમાં આ બધા દાણાંઓને બાંધવા અને તેને અંકુરિત થવા માટે ઘરની અંદર જ રાખવા. જે પાણીમાં દાણા પલાળવામાં આવ્યા હતાં તે પાણીને પણ ઢાંકીને રાખો. પોટલીમાં રહેલા દાણામાં જ્યારે ૧ સે.મી. લંબાઈના અંકુર બહાર નીકળે ત્યારે પોટલી ખોલવી અને તેની ચટણી બનાવવી. હવે ૨૦૦ લીટર પાણીમાં આ ચટણીને હાથ વડે સારી રીતે ભેળવી અને પહેલાં પલાળેલા પાણીને પણ આમાં ભેળવવું. આ તૈયાર થયેલા મિશ્રણને ૨ કલાક સુધી રાખો. બે કલાક બાદ આ મિશ્રણને હલાવી કપડાથી ગાળી લેવું. હવે ૪૮ કલાકની અંદર આનો છંટકાવ કરી દેવો. જ્યાં તેનો છંટકાવ કરેલો હશે ત્યાં ચમક આવી જશે. પ્રાકૃતિક કૃષિના વિશેષ પાસાઓ જોઈએ તો, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં ૧૦ ટકા પાણી અને ૧૦ ટકા વીજળીની જરૂરિયાત રહે છે. એનો અર્થ કે ખેડૂતો પોતાની ૯૦ ટકા વીજળી-પાણીની બચત કરી શકે છે. આ પદ્ધતિમાં પાક ઉત્પાદન રાસાયણિક અને સજીવ ખેતી પદ્ધતિથી વધારે થઈ શકે છે. આ ઉત્પાદન ઝેરમુક્ત, ઊંચી ગુણવતાયુક્ત, પૌષ્ટિક અને સ્વાદિષ્ટ હોય છે. આ ગુણવત્તાના કારણે વધુ માંગ હોવાના કારણે સારો ભાવ પણ મેળવી શકાય છે.

# જૂનાગઢ : નારી વંદન સપ્તાહ નિમિતે 'બેટી બચાવો બેટી પઢાવો' દિનની ઉજવણી



જૂનાગઢ, તા.૫

નારી વંદન ઉત્સવ સપ્તાહ અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો દિવસની ઉજવણીના ભાગરુપે સિવિલ હોસ્પિટલમાં નવજાત (જન્મેલી) દીકરીઓને DHEW, PBSC, VMK, જિલ્લા મહિલા અને બાળ કચેરીના અધિકારી - કર્મચારી દ્વારા દીકરી વધામણા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વ્હાલી દીકરી યોજનાનું ફોર્મ આપવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની મહિલાલક્ષી વિવિધ યોજનાઓ વિશે વિગતો આપવામાં આવી હતી. વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમનું વિતરણ કરવામાં આવ્યું હતું.સુભાષ એકેડમી ખાતે કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મેન્સ્ટ્રૂઅલ હાઈજિન વિષય પર સંવાદ કરવામાં આવ્યો હતો. ગુડ ટચ, બેડ ટચ, રાજ્ય સરકારની મહિલા અને બાળ કચેરી અંતર્ગત આવતી યોજનાઓની વિગતો કિશોરીઓને આપવામાં આવી હતી. કાર્યક્રમમાં DHEW ટીમ OSC, PBSC, ૧૮૧, બાળ સુરક્ષા એકમના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૧ ઓગષ્ટે તાલુકા અને તા. ૨૨ ઓગષ્ટે જીલ્લા કક્ષા કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૫

નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા.૨૨ ઓગષ્ટ, ૨૦૨૪ ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે, જિલ્લા કલેક્ટરશ્રી અને સંબંધિત ખાતાના અધિકારીશ્રીઓ આ પ્રશ્નો સાંભળશે. તા.૨૧ ઓગષ્ટ, ૨૦૨૪ બુધવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, જેમાં સંબંધિત અધિકારીશ્રીઓ તાલુકા મથકે ઉપસ્થિત રહેશે. નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની ૧થી ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ જે-તે તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦ ઓગષ્ટ, ૨૦૨૪ સુધીમાં સીધા પણ રજૂ કરી શકશે. નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન અરજી અંગ્રેજી માસની તા.૧ થી તા.૧૦ તારીખ સુધીમાં કરવી. નાગરિકોએ પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરુરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. જે પ્રશ્ન, રજૂઆતનો નિકાલ તાલુકાકક્ષાએ થતો હોય તે અરજી તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે કરવી. તાલુકા કક્ષાએ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાવેશ થશે. એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆત કરવી નહિ. અરજદારે HTTP://SWA GAT. GUJARAT.GOV.IN/ CITIZEN_ ENTRY_ DS. ASPX? FRM= WS ઉપર ઓનલાઈન અરજી કરવી, તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યુંછે.

# વીજ કંપનીના પાવર ચોરીના દાવામાં માત્ર સાડત્રીસ દિવસમાં જ રકમ ભરવા આદેશ કરતી વિસાવદર કોર્ટ

(વિનુ પુરોહતી દ્વારા)

વિસાવદર, તા.૫

વિસાવદર સિવિલ કોર્ટમાં પી.જી.વી.સી. એલ.કંપનીના સબ ડિવિઝન નંબર (૧)ના કાર્યક્ષેત્રમાં આવતા જુદા જુદા ગામના લોકો દ્વારા પોતાના રહેણાંકી મકાને પી.જી.વી.સી.એલ. કંપનીની હળવા દબાણની લાઈનમાં આંકડા મારી પીળા કલરના સર્વિસ વાયરને જોડી પોતાના રહેણાંકી મકાનમાં વીજ વપરાશ કરતા હોય આ બાબતે અંબાળા ગામના રાણીબેન મુળાભાઈ સોંદરવાને ત્યાં વીજ ચેકીંગ કરાતા તેઓ પાવરચોરી કરતા પકડાઈ ગયેલા જેથી તેમની સામે પાવરચોરીની પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ ત્યારબાદ કંપની તરફથી બિલ મોકલવામાં આવેલ જે પાવરચોરીના વિજબીલની રકમ પ્રતિવાદી દ્વારા વિજકચેરીમાં ભરપાઈ ન કરતા કંપની વતી નાયબ ઈજનેર દર્શનાબેન વિસાવાડિયા દ્વારા વિસાવદર કોર્ટમાં પી.જી.વી.સી.એલ.ના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા તા.૨૪/૬/૨૦૨૪ના રોજ દાવો દાખલ કરેલ ત્યારબાદ પણ પ્રતિવાદીને રકમ ભરવા તથા સમાધાન માટેની તક આપવા છતાં પ્રતિવાદી કોર્ટમાં હાજર રહેલા નહિ. આ કામમાં ઘણા જ ટૂંકાગાળામાં એટલે કે સાડત્રીસ દિવસ જેટલા સમયમાં તેમની સામેનો દાવા ચાલી જતા વિસાવદર સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા પ્રતિવાદીને દાવાવાળી રકમ તથા તેના ઉપરના ડી.પી.સી.ચાર્જ સહિત ની રકમ, વકીલ ફી તથા કોર્ટ ફી સહિતની રકમ ચૂકવવાનો માત્ર સાડત્રીસ દિવસમાં હુકમ કરતા હવે તારીખ પે તારીખનો જમાનો ગયો હોય તે રીતે પાવરચોરી કરી વિજબીલની રકમ વર્ષો સુધી નહિ ચૂકવતા લોકોમાં ફફડાટ



મચી ગયેલ છે અને કોર્ટોમાં વર્ષોસુધી કેસ ચાલે તેવી માન્યતા ઉપર પડદો પડી ગયેલ છે. આ કામમાં પી.જી.વી.સી.એલ. કંપની તરફથી વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી રોકાયેલ હતા.

# અદાણી જૂથ કેરલના ભૂસ્ખલન પીડિતોની પડખે, આર્થિક મદદની ઘોષણા

અમદાવાદ, તા.૫

અદાણી ગ્રૂપ પીડિતો પ્રત્યે સંવેદનશીલતા દાખવવામાં હંમેશા અગ્રેસર રહ્યું છે. તાજેતરમાં થયેલા કેરળ ભૂસ્ખલનના પીડિતોની મદદ માટે અદાણી જૂથે હાથ લંબાવ્યો છે. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ આ હોનારતમાં મૃત્યુ પામેલા લોકો માટે ઉંડો શોક વ્યક્ત કર્યો છે. ભૂસ્ખલન પ્રભાવિત લોકોની મદદ માટે ગૌતમ અદાણીએ કેરળના મુખ્યમંત્રી આપત્તિ રાહત ફંડમાં રૂા.૫ કરોડનું દાન આપ્યું છે. સોમવારે મોડી રાત્રે કેરળના વાયનાડમાં થયેલા ભૂસ્ખલનમાં મૃતાંક ૩૦૦ને વટાવી ગયો છે. અતિભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલન બાદ બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. દરમિયાન અદાણી ગ્રુપે પીડિતોની પડખે ઉભા રહીને સીએમ રિલીફ ફંડમાં રૂા.૫ કરોડનું દાન કર્યું છે. અત્યાર સુધીમાં રેસ્ક્યુ ટીમ દ્વારા ૮૦૦ થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.


ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને માહિતી આપતા કહ્યું છે કે, અમે આ કપરા સમયે કેરળના લોકોની પડખે છીએ. ભૂસ્ખલનમાં જેમણે પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના દુખમાં અમે સહભાગી છીએ. આશા છે કે આ યોગદાન તેમની પીડા અને રાહત કામગીરીના પ્રયાસોમાં મદદરૂપ થશે. અદાણી ગ્રૂપ કેરળમાં રાહત પ્રયાસોને ટેકો આપવા માટે રૂા.૫ કરોડની સહાય પ્રદાન કરશે.વાયનાડમાં થયેલા ભૂસ્ખલનમાં મુંડક્કાઈ, ચુરલમાલા, અટ્ટમાલા અને નૂલપુઝા ગામો ધોવાઈ ગયા હતા. ૧૩૦થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ છે, જ્યારે ૨૦૦થી વધુ લોકો હજુપણ ગુમ છે. આર્મી, એરફોર્સ, એનડીઆરએફ, એસડીઆરએફ, પોલીસ અને ડોગ સ્ક્વોડની ટીમો એડીચોટીનું જોર લગાવી રહી છે. અગાઉ નવેમ્બર ૨૦૨૨ માં મોરબીના ઝૂલતા પુલની કમનસીબ દુર્ઘટનાના પીડિતો માટે પણ અદાણી જૂથે રૂા.૫ કરોડની માતબર રકમ દાન કરી હતી. એટલું જ નહીં, જૂન ૨૦૨૩માં ઓરિસ્સા ટ્રેન દુર્ઘટનામાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર નિર્દોષ બાળકોના શાળા શિક્ષણની જવાબદારી લઈ અદાણી જૂથે સંવેદનશીલ સામાજીક ઉત્તરદાયીત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

# દ્વારકામાં રેડક્રોસ સંસ્થા દ્વારા સ્લમ વિસ્તારમાં 'મોન્સુન કીટ'નું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

દ્વારકા પંથકમાં તાજેતરમાં વરસી ગયેલા અતિ ભારે વરસાદના કારણે દ્વારકાનું જનજીવન ખુબજ પ્રભાવિત થયું હતું. આ ભારે વરસાદના કારણે શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા લોકોને ખુબજ મુશ્કેલી પડી રહી છે. આ પરિસ્થિતિમાં દ્વારકાની સેવાભાવી સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા દ્વારકાના જલારામ નગર, દ્વારકાધીશ સોસાયટી, નાગેશ્વર રોડ વિસ્તારમાં આવેલા ઝૂંપડપટ્ટી વાળા વિસ્તારોમાં જરૂરીયાતમંદ પરિવારોને પ્લાસ્ટિક ડોલ, ધાબળો, હાઈજેનિક કીટ તથા તાલપત્રીનો સમાવેશ થાય, તેવી ૨૦૦ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ માટે અમદાવાદથી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ટીમના સભ્યો પ્રતીક કોસ્ટી, માર્મિક અમીન, બલદેવસિંહ જાડેજા, ફરહાજખાન, ક્રીસભાઈ તેમજ દ્વારકા શાખાના અશ્વિનભાઈ ગોકાણી, કમલેશભાઈ અનડકટ,



પ્રતાપભાઈ દામાણી, લક્ષ્મીદાસ સોમૈયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. જેમાં આશરે ૫૦૦ જેટલી કીટનું વિતરણ દ્વારકાના અલગ-અલગ વિસ્તારોમાં કરવામાં આવ્યું હતું. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની આ સેવાકીય પ્રવૃતિઓને જરૂરીયાતમંદ પરિવારોએ બિરદાવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ભારતીય અર્થવ્યવસ્થા પર સુનિયોજિત હુમલો

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ૩ જાન્યુઆરીએ પોતાના એ નિર્ણય પર પુનર્વિચારની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો, જેમાં હિંડનબર્ગ રિપોર્ટની એસઆઈટી કે સીબીઆઈ તપાસને ફગાવી દેવામાં આવી હતી. તેના થોડા દિવસ પહેલાં મૂડી બજાર નિયામક ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ એટલે કે સેબીએ ભારતીય અર્થવ્યવસ્થાને આઘાત પહોંચાડતા એક સુનિયોજિત ષડયંત્રને ઉજાગર કરતાં ૨૬ જૂન, ૨૦૨૪ના રોજ અમેરિકી શોર્ટ સેલર હિંડનબર્ગને કારણદર્શક નોટિસ જારી કરી.

ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપને નિશાનો બનાવતા હિંડનબર્ગ રિપોર્ટને કારણે ભારતીય શેર બજારમાં ભારે હલચલ મચી હતી. કેટલાય વિપક્ષી દળોએ તેને રાજકીય મુદ્દો પણ બનાવ્યો. હવે એ રિપોર્ટની સચ્ચાઈ સામે આવતી જાય છે એટલે ષડયંત્રનાં પડળો ખૂલી રહ્યાં છે. જોકે રિપોર્ટના થોડા સમય બાદ જ તેની સત્યતા પર શંકા પેદા થવા લાગી હતી અને બજાર સુધરીને આગળ વધવા લાગી. આ જ કારણ છે કે સેન્સેક્સ આ સમયે ૮૦,૦૦૦ના આંકને આંબી ગયો છે. સેન્સેક્સમાં આ તેજી ભારતની વિકાસ ગાથાની અદમ્ય ભાવનાને પ્રદર્શિત કરે છે. જોકે આ તેજી વચ્ચે આપણે હિંડનબર્ગની અસલિયત પણ ખોલવી પડશે, જેથી ભવિષ્યમાં તેના પ્રત્યે સચેત રહી શકાય અને વિદેશી તાકાતો આપણી પ્રગતિમાં અવરોધ પેદા કરવામાં સફળ ન થઈ શકે.

એ કોઈથી છૂપું નથી કે હિંડનબર્ગ રિપોર્ટ ભારતની વિકાસગાથા પર જાણીજોઈને કરવામાં આવેલ હુમલો હતો. આ રિપોર્ટને આર્થિક પારદર્શિતા સાથે કોઈ લેવાદેવા ન હતી. સેબીની નોટિસે હિંડનબર્ગ રિસર્ચ અને કિંગડન કેપિટલ મેનેજમેન્ટની ગંદી ચાલોને ઉજાગર કરી છે, જેમણે બિનજાહેર જાણકારીનો ઉપયોગ કરીને અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ એટલે કે એઈએલના શેરોને શોર્ટ-સેલ કરવા માટે મિલીભગત કરી. શોર્ટ સેલિંગ ત્યારે થાય છે, જ્યારે કોઈ રોકાણકાર એ શેરને વેચે છે, જે તેણે ખરીદ્યા નથી હોતા અને તેની સિલકમાં નથી હોતા. હિંડનબર્ગ રિપોર્ટમાં કેટલાય નિરાધાર આરોપ અને ભ્રામક નિવેદન હતા. આ રિપોર્ટ ભારતના આર્થિક વિકાસ અને મૂડી નિર્માણની કરોડરજ્જુને નિશાનો બનાવીને ભારતીય મૂડી બજારમાં દહેશત ફેલાવવાનો સ્પષ્ટ પ્રયાસ હતો. તેને કારણે અદાણી સમૂહના ૧૦ લીસ્ટેડ શેરોમાં ભારે ઘટાડો થઈ ગયો. હિંડનબર્ગ રિપોર્ટ જારી થવાના ચાર અઠવાડિયામાં મૂડી બજારમાંથી લગભગ ૧૫૦ અબજ ડોલર (લગભગ ૧૨.૫ લાખ કરોડ રૂપિયા) સ્વાહા થઈ ગયા. આ રોકાણકારોની સંપત્તિ અને બજારની સ્થિરતા પર સીધો પ્રહાર હતો. હિંડનબર્ગના આરોપોથી વધેલી દહેશતે અનિશ્ચિતતાનો માહોલ પણ ઊભો કર્યો, જેનાથી રોકાણકારો હતોત્સાહિત થઈ ગયા. જાન્યુઆરીથી ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય ઈક્વિટી બજારોમાંથી લગભગ ૩૪,૦૦૦ કરોડ રૂપિયા કાઢી લીધા. વિદેશી મૂડીનું આ પલાયન સીધી રીતે હિંડનબર્ગ રિપોર્ટ દ્વારા પેદા કરવામાં આવેલ ભયને કારણે થયું, જેને વિપક્ષ દ્વારા સરકાર પર સતત હુમલાઓથી ઓર ઉત્તેજન મળ્યું.

એ માનવાનાં ઘણાં કારણો છે કે ઉપરોક્ત રિપોર્ટ હિંડનબર્ગના અંગત લાભના એજન્ડાથી ઓતપ્રોત હતો. સેબીની નોટિસથી એક ચોંકાવનારી જાણકારી એ સામે આવી કે હિંડનબર્ગે પોતાની દુર્ભાવનાપૂર્ણ રિપોર્ટની એક અગ્રીમ નકલ ન્યૂયોર્કના હેજ ફંડ મેનેજર માર્ક કિંગડનને રિલીઝ કરવાના મહિનાઓ પહેલાં આપી હતી. આ ગુપ્ત સહયોગમાં હિંડનબર્ગ અને માર્ક કિંગડન વચ્ચે નફો વહેંચવાની સમજૂતી પણ સામેલ હતી. બિનજાહેર જાણકારીના માધ્યમથી કિંગડને અદાણી સમૂહના બજાર મૂલ્યમાં મહત્ત્વપૂર્ણ ઘટાડાનો લાભ ઉઠાવ્યો અને ઈનસાઈડર ટ્રેડિંગ એટલે કે ભેદી કારોબારના માધ્યમથી હિંડનબર્ગ અને પોતાના માટે ૨.૨ કરોડ ડોલર એટલે કે લગભગ ૧૮૪ કરોડ રૂપિયથી વધારેનો નફો ઉસેટી લીધો. આવી હેરફેર તેમની છેતરપિંડી દર્શાવે છે અને તેમની કથિત શોધમાં વિશ્વસનીયતાને ખતમ કરી દે છે.

હિંડનબર્ગના જૂઠ્ઠાણાની પરખ કર્યા વિના વિપક્ષી દળોએ હાથોહાથ તેને ઊંચકી લીધો. વિશેષ કરીને કોંગ્રેસે આ જૂઠ્ઠાણાની આગને હવા આપી. રાહુલ ગાંધી અને તેમના સાથીઓએ ક્રોની કેપિટલિઝમના નિરાધાર આરોપ લગાવ્યા. જોકે, સેબીની નોટિસે એ દાવાને સ્પષ્ટ રૂપે ફગાવી દીધા. હિંડનબર્ગ રિપોર્ટના નિરાધાર દાવાને ચગાવવામાં કોંગ્રેસની ભૂમિકાની અવગણના ન કરી શકાય. રાષ્ટ્ર સાથે ઊભા થવા અને આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવાને બદલે કોંગ્રેસે જૂઠ્ઠાણાને હવા આપવાનું વધુ યોગ્ માન્યું, જેનાથી રોકાણકારો વચ્ચે અવિશ્વાસ વધ્યો. આ બેજવાબદાર વ્યવહાર રાજકીય અવસરવાદના પક્ષમાં રાષ્ટ્રીય હિતો પ્રત્યે તેની ઉપેક્ષાને ઉજાગર કરે છે. વિપક્ષનું આવું વલણ માત્ર એક વેપારી એકમ પર હુમલો જ ન હતું, બલ્કે ભારતની આર્થિક આકાંક્ષાઓ પર પણ હુમલો હતો. કોંગ્રેસ દ્વારા સરકારની આર્થિક નીતિઓને અસ્થિર કરવાના પ્રયાસો છતાં ભારતનો જીડીપી વૃદ્ધિ મજબૂત રહ્યો, જે નામાંકીય વર્ષ ૨૦૨૪માં ૮.૨ ટકાના દરે વધ્યો. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૨૩માં ૭ ટકાના દરે વૃદ્ધિ થઈ હતી, જે હાલની સરકાર અંતર્ગત લચીલી અર્થવ્યવસ્થાને દર્શાવે છે. સતત થઈ રહેલ સંરચનાત્મક સુધારા, બુનિયાદી માળખાના વિકાસ, ડિજિટલ પહેલ અને શીર્ષ સ્તરે નિર્ણાયક પહેલને કારણે જ દેશનો વિકાસ દર સુદ્રઢતાથી નિરંતર વધી રહ્યો છે.

અંગત સ્વાર્થોથી પ્રેરિત હિંડનબર્ગ રિપોર્ટથી વિપક્ષી દળોએ રાજકીય લાભ ખાટવામાં કોઈ કસર ન છોડી, જ્યારે તેનું નુક્સાન એ મધ્યમ વર્ગે ચૂકવવું પડ્યું, જેણે પોતાની મહેનતની કમાણી શેરોમાં લગાવી હતી. આ લોકોની આર્થિક આકાંક્ષાઓ પર આઘાત હતો. સેબીની નોટિસે સ્પષ્ટ કરી દીધું કે કેવ રીતે હિંડનબર્ગ રિપોર્ટે મૂડી નિર્માણને ઝાટકો આપ્યો, રોકાણકારોનો વિશ્વાસ ડગાવ્યો અને નાગરિકોની આર્થિક સંભાવનાઓને નુક્સાન પહોંચાડ્યું. હિંડનબર્ગની છેતરપિંડીવાળા રિપોર્ટને કારમે ભારતીય શેરોના બજાર મૂલ્યમાં લગભગ ૧૨.૫ લાખ કરોડ રૂપિયાનું નુક્સાન થયું. જે લોકો હિંડનબર્ગ રિપોર્ટ બાદ રાજકીય રોટલા શેકી રહ્યા હતા, તેઓ આજે સેબીની નોટિસ બાદ ચૂપકિદી સાધીને બેઠા છે. તેમની ચૂપકિદી ઘણું બધું કહી જાય છે.

## ગુજરાતની ડાયમંડ સિટી મુશ્કેલીમા હીરા ઉધોગમાં મંદીના કારણે રત્નકલાકારો આપઘાત કરવા માટે મજબુર બન્યા

### રત્ન કલાકારો એક પથ્થરને ઘસી ઘસીને ચમકદાર બનાવે છે પથ્થરમાંથી ડાયમંડ તૈયાર કરતા આ રત્ન કલાકારો જ હાલ મુશ્કેલીમાં મુકાયા છે

સુરત,તા.૫

સુરત શહેરને ડાયમંડ સિટી કહેવામાં આવે છે. પરંતુ ડાયમંડ સિટી સુરતની હવે ચમક ધીરે ધીરે ઝાંખી થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. આ કહેવાનું કારણ એવું છે કે, સુરત શહેરના રત્નકલાકારો એક પથ્થરને ઘસી ઘસીને ચમકદાર બનાવે છે. પથ્થરમાંથી ડાયમંડ તૈયાર કરતા આ રત્નકલાકારો જ હાલ મુશ્કેલીમાં મુકાયા છે.

ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં છેલ્લા બે વર્ષથી મંદિરો માહોલ છે અને મંદીના માહોલ વચ્ચે પસાર થઈ રહેલી આ ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાંથી અનેક રત્ન કલાકારો બેરોજગાર બન્યા છે. તો બીજી તરફ બેંગકોકમાં પણ ડાયમંડના ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો પોતાની ઓફિસો બંધ કરી રહ્યા છે. બેંગકોકના ઉદ્યોગકારો પોતાની ઓફિસો બંધ કરતા હોવાનું એક કારણ એવું પણ સામે આવ્યું છે કે ત્યાંના લોકો હીરાની ડિમાન્ડ કરતાં હવે ગોલ્ડની ડિમાન્ડ તરફ વળ્યા છે. સુરત શહેરની વાત કરવામાં આવે તો સુરત શહેરની ડાયમંડ ઈન્ડસ્ટ્રી લાખો રત્ન કલાકારોને રોજગારી આપે છે. આ ઈન્ડસ્ટ્રીઝ હાલ પડી ભાંગી છે. અલગ અલગ દેશો વચ્ચે થઈ રહેલા યુદ્ધોના કારણે વૈશ્વિક મંદીનો માહોલ છે અને તેના જ કારણે વિશ્વમાં ડાયમંડની ડિમાન્ડ ઘટી છે. આ જ કારણે રત્ન કલાકારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૦૦૮ની મંદી સમયે સુરતના ઘણા ડાયમંડ યુનિટો બંધ થયા હતા અને તેના કારણે હજારો રત્ન કલાકારો મુશ્કેલીમાં મુકાયા હતા પરંતુ હાલ કંપનીઓ દ્વારા પણ રત્ન કલાકારોનો વિચાર કરવામાં આવે છે અને તેઓ રત્નકલાકારોને છૂટા કરવાના બદલે કંપનીના માલિકો દ્વારા પોતાની રીતે આર્થિક બોજો સહન કરીને કામના કલાકો ઘટાડવામાં આવી રહ્યા છે અને અઠવાડિયામાં કેટલાક એકમોમાં બે દિવસની રજા પણ આપવામાં આવે છે. તેથી જે રત્ન કલાકારનો પગાર ૪૦,૦૦૦ હોય તે હાલ ૨૦,૦૦૦થી ૨૫,૦૦૦નું જ કામ કરી રહ્યા છે અને આ સમયે મોંઘવારીના કારણે રત્નકલાકારોને પરિવારનો ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ પડી રહ્યું છે. આર્થિક સંકળામણના કારણે રત્નકલાકારોએ આપઘાત કર્યો હોવાની ઘટના પણ સામે આવી છે. ત્યારે રત્ન કલાકારોને ઉગારવા માટે ડાયમંડ વર્કર યુનિયન દ્વારા એક હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો હતો. આપઘાત ન કરો અમને ફોન કરોની ટેગ લાઈન સાથે આ હેલ્પલાઈન જાહેર કરાયો હતો અને હેલ્પલાઈન જાહેર કરાયા બાદ ડાયમંડ વર્કર યુનિયનને ૧૫૦૦ કરતાં વધારે ફોન આવ્યા હતા. જેમાં તેમને રત્નકલાકારની સમસ્યાઓ સાંભળી હતી અને સાત જેટલા કિસ્સાઓમાં રત્નકલાકારોનો જીવ બચાવ્યો હતો અને તેમને જરૂરી મદદ કરવામાં આવી હતી. ઘરમાં અનાજ કરિયાણાની કીટ તેમજ બાળકોને શાળાની ફી ઉપરાંત મેડિકલ સહાયની વ્યવસ્થા સામાજિક આગેવાનોની મદદથી ડાયમંડ વર્કર યુનિયન દ્વારા કરવામાં આવી હતી. રત્ન કલાકારો બેરોજગાર થતા પરિવારની તમામ આર્થિક જરૂરીયાતો તેઓ સંતોષી શકતા નથી અને તેના જ કારણે તેઓ સરકાર પાસે ગુહાર લગાવી રહ્યા છે કે મંદીની પરિસ્થિતિમાં રત્ન કલાકારોની મદદ સરકાર કરે અને અલગ અલગ યોજનાઓ રત્ન કલાકારોના હિતમાં બહાર પાડવામાં આવે. રત્ન કલાકારોની નોકરી જતા રહ્યા બાદ નોકરી માટે દરરોજ વલખા મારતા જોવા મળ્યા છે. પરિવારનું ગુજરાન ચલાવવું એટલું મુશ્કેલ છે કે તેમને મિત્રો પાસેથી મદદ લેવી પડી રહી છે.

## વિદેશ જવાના અભરખા ગાંધીનગરના કપલને ભારે પડ્યા!

ગાંધીનગર,તા.૫

વિદેશ જવા દર બીજા ગુજરાતીના અભરખા હોય છે. તેમાં પણ કેટલાક તો ગેરકાયદેસર જવા માટે પણ લાખોનો ધુમાડો કરતા હોય છે, જીવ પર રિસ્ક લઈ લેતા હોય છે. અમેરિકા અને યુકે જવા મળે એટલે ગમે તે કરવા તૈયાર થાય. આવામાં જ ઉત્તર ગુજરાતના કપલને વિદેશ જવાના અભરખા ભારે પડ્યા. આ કપલને એક અઠવાડિયામાં જ યુકેથી ડિપોર્ટ કરી દેવાયા. ઉપરથી તેઓ ગામમાં હાંસીના પાત્ર બન્યા તે અલગ. ઉત્તર ગુજરાતમાં લોકોને વિદેશ જવાનો મોહ વધારે છે. આવામાં એક કપલ પણ યુકે પહોંચી ગયું હતું. પરંતુ તેમની સાથે એવું કંઈક બન્યું કે તેમને અઠવાડિયામા જ પરત મોકલી દેવાયા હતા. પતિ પત્નીએ યુકે જવા માટે ૩૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા, એટલુ જ નહિ ગામમાં જતા પહેલા ૫૦૦ લોકોનો જમણવાર પણ કરાવ્યો હતો. વાત એમ હતી કે, માંડ ૧૦ ધોરણ સુધી ભણેલા ગાંધીનગરના દહેગામનું કપલ દૂધની ડેરી ચલાવતું હતું. પરંતુ તેમને અન્ય લોકોને જોઈને યુકે જવાની ઈચ્છા થઈ. તેથી તેઓએ એજન્ટનો સંપર્ક સાધ્યો હતો. આ માટે તેઓએ એજન્ટની ૩૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. યુકે જવાની ઈચ્છા પૂરી થઈ તેથી તેઓએ ગામથી જતા પહેલા જમણવાર કર્યો હતો. રંગેચંગે પોતાના વિદેશ જવાની જાહેરાત પણ કરી હતી. એટલું જ નહિ, વિદેશ જતા પહેલા તેમણે રાજસ્થાનની પણ ટ્રીપ મારી. આ બાદ કપલ બોરિયા બિસ્તરા બાંધીને યુકે જવા નીકળ્યું. ૧૫ જુલાઈની આસપાસ કપલ હિથ્રો એરપોર્ટ પર લેન્ડ થયું હતું. એરપોર્ટ પહોંચતા જ તેમને અંગ્રેજીમાં સવાલો કરવામાં આવ્યા હતા, જેના જવાબ બંનેમાંથી એક પણ આપી શક્યા નહિ.

## ખંભાળિયા : દસ ટકા વ્યાજ વસૂલી, વૃદ્ધને મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ

### ૫૦ હજારના ૧૦ લાખ લીધા પછી પણ ૫૦ લાખ માંગીને પુત્રને મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયાના ગાયત્રી નગર વિસ્તારમાં રહેતા એક શખ્સ દ્વારા ૧૦ ટકા વ્યાજ વસૂલી, વ્યાજ સહિત રૂપિયા ૫૦ લાખની માંગણી કરીને એક આસામીને તેમના પુત્રને મારી નાખવાની ધમકી આપી, પઠાણી ઉઘરાણી કરવા બાબતે ધોરણસર પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે ખંભાળિયામાં સલાયા રેલવે ફાટક પાસે આવેલા રંગીલા હનુમાન મંદિર પાસે રહેતા અને શાકભાજીનો વ્યવસાય કરતા લગધીરભાઈ સોમાભાઈ ભોજાણી નામના ૬૬ વર્ષના વૃદ્ધે વર્ષ ૨૦૦૬માં અહીંના ગાયત્રીનગર વિસ્તારમાં આવેલી શ્રીનાથજી સ્કૂલ પાસે રહેતા દેવુ ખીમા રૂડાચ નામના શખ્સ પાસેથી ૧૦ ટકાના વ્યાજ દરથી રૂપિયા ૫૦,૦૦૦ લીધા હતા. વ્યાજના પૈસા બાબતે આરોપી દેવુ રૂડાચે ફરિયાદી લગધીરભાઈ ભોજાણીની માલિકીની અત્રે ખાટલાધાર વિસ્તાર-ભાડથર ખાતે આવેલી જમીનનું નોટરી રૂબરૂ લખાણ કરાવી લીધું હતું. આ સમયગાળા દરમ્યાન આરોપી દ્વારા અવાર-નવાર વ્યાજ ઉઘરાવીને ૧૫-૦૬-૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન વ્યાજ સહિત રૂા.૧૦,૦૦,૦૦૦ ની રકમ આપી દીધી હોવા છતાં પણ આરોપીએ આજથી આશરે દોઢેક માસ પહેલા ફરિયાદી અહીંના પોરબંદર રોડ ઉપર ચાલીને જતી વખતે બળજબરીપૂર્વક પૈસા પડાવી લેવાના ઈરાદાથી રૂપિયા ૫૦ લાખની રકમ વ્યાજની ચડી ગઈ હોવાનું જણાવીને આ રકમની માંગણી કરી હતી. જો આ રકમ તેઓ ન ચૂકવે તો તેમની ખાટલાધાર વાળી જમીન આરોપીએ પોતાના નામે કરી લેવાનું કહી, જો પૈસા અથવા જમીન નામે નહીં કરી આપે તો ફરીયાદી લગધીરભાઈ તથા તેમના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી, બિભત્સ ગાળો કાઢી, અવારનવાર વ્યાજની ઉઘરાણી કરવામાં આવતી હોવાનું આ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે લગધીરભાઈ ભોજાણીની ફરિયાદ પરથી આરોપી દેવુ ખીમા રૂડાચ સામે આઈ.પી.સી. કલમ ૩૮૬, ૫૦૪, ૫૦૬ (૨) તથા મની લેન્ડર્સ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. ડી.જી. પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

## ખંભાળિયાની સેવાકુંજ હવેલીમાં સર્વોત્તમ સ્ત્રોત્રના પાઠ મહાઉત્સવની તા.૧૩ના રોજ મંગલ પૂર્ણાહુતિ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયામાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી સેવાકુંજ હવેલીમાં ગત તારીખ ૭ જુલાઈના રથયાત્રાના શુભ દિવસથી સર્વોત્તમ સ્તોત્રના પાઠના મહાઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે આગામી તારીખ ૧૩ ઓગસ્ટના રોજ રંગે ચંગે પૂર્ણ થશે. આ પ્રસંગે સોમવાર તારીખ ૧૨ ઓગસ્ટના રોજ સાંજે ૪ થી ૬ સુધી સર્વોત્તમના પાઠ થશે. ત્યાર બાદ પૂજ્ય ગોસ્વામી શ્રી વસંતકુમારજી પોરબંદરથી અત્રે ખાસ ઉપસ્થિત રહેશે અને સાંજે ૬ થી ૭ દરમ્યાન વચનામૃતનો લાભ આપશે. આ પ્રસંગે શ્રી વસંતબાવાના વચનામૃતનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને સેવાકુંજ હવેલીના પૂજ્ય શ્રી માધવી વહુજી દ્વારા અનુરોધ કરાયો છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધામાં અભિરાજસિંહ ચાવડા પ્રથમ ક્રમે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયાની જાણીતી એસ.એન.ડી. ટી. શાળામાં ૧૧ મા ધોરણમાં અભ્યાસ કરતા અભિરાજસિંહ ભગવતસિંહ ચાવડાએ નંદાણા ખાતે યોજાયેલી દેવભૂમિ જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા બની શાળા સાથે ચાવડા પરિવારનું પણ નામ રોશન કર્યું છે. અભિરાજસિંહને તેના પી.ટી. શિક્ષક દીપભાઈ ધારાણી અને પર્સનલ કોચ પીન્ટુભાઈ ચોપડાએ અખડામાં કુનેહપૂર્વક તાલીમ આપી, આ સિદ્ધિ મેળવવા સક્ષમ કર્યોહતો. જિલ્લામાં પ્રથમ આવેલા અભિરાજસિંહ હવે રાજ્ય કક્ષાએ અને નેશનલ કક્ષાએ સ્પર્ધામાં જવા તૈયારીઓ કરી રહ્યા છે.

## દેવભૂમિ દ્વારકાના રાહુલ જગતીયાની પ્રદેશ સોશિયલ મીડિયા વાઈસ ચેરમેન તરીકે નિમણૂંક



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સક્રિય કોંગી કાર્યકર રાહુલ જગતિયા સતત ૧૧ વર્ષથી જિલ્લાના સોશિયલ મીડિયા વિભાગના પ્રમુખ તરીકે સક્રિય રહ્યા બાદ રાજ્યના શીર્ષ નેતૃત્વના પ્રદેશ ચેરમેન ભૂમન ભટ્ટ દ્વારા તેમને પ્રદેશ સોશિયલ મીડિયા સમિતિના ઉપપ્રમુખ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાહુલ જગતિયા દ્વારા દ્વારકા જિલ્લામાં કરવામાં આવેલા કાર્યોનો અનુભવનો તેઓ પ્રદેશ માટે ઉપયોગ કરે તે આશયથી તેમને સોશિયલ મીડીયા ઉપપ્રમુખ તરીકેની આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શારીરિક શક્તિથી સંપન્ન પુરૂષ કરતા નીતિવાન પુરૂષ વધારે શ્રેષ્ઠ છે. - સુક્તિ મુક્તાવલી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૧ શિવ પાર્થેશ્વર પૂજા શરૂ, ચંદ્રદર્શન, શિવમુષ્ટી (અક્ષત) તા.૫ ઓગષ્ટ ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૯, આશ્લેષા નક્ષત્ર, વ્યતિપાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૩, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ સવારે ૧૦:૩૭ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), બપોરે ૨:૨૧ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૫-૦૮-૨૦૨૪ થી ૧૧-૦૮-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન ધાર્મિક તેમજ માંગલિક પ્રસંગોનું આયોજન થાય. મોજ-શોખ પાછળ ખર્ચ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તનના યોગ છે. આકસ્મીક લાભ થાય. નોકરીયાત વર્ગને નાણાંકીય બાબતે ઈચ્છીત કાર્યો પૂર્ણ થાય. માતા-પિતા સાથે મતભેદ ન થાય તે જોવું. ભાઈ-બહેનનું વર્તન તમારા વિરૂધ્ધનું રહે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન નાણાંનો દૂર વ્યય ન થાય તેની તકેદારી રાખજો. આવક-જાવકનું પાસું સરભર રહે. માનસિક ચંચળતા અનુભવાય. સગપણ-વિવાહ અંગેની સમસ્યા દૂર થાય. સંતાન સંબંધિ સમસ્યાનો ઉકેલ આવે. સાહસિક કાર્યો કરવામાં સાવચેત રહેવું. મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય. ખોટું નાણાંકીય રોકાણ ન થઈ જાય તેની ખાસ સાવચેતી રાખવી.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન લાંબાગાળાથી પરેશાન કરતી સમસ્યાનો ઉકેલ આવી જાય. સર્જનાત્મક કે રચનાત્મક કાર્યોમાં સફળતા મળે. પરિવારમાં વિશેષ આનંદનું વાતાવરણ સર્જાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. લાંબાગાળાની યોજના તમારા ધાર્યા પ્રમાણે પાર પડે. વિશ્વાસઘાતનો પ્રસંગ ન બને તેની તકેદારી રાખજો. આર્થિક ખર્ચનો પ્રસંગ બને.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન વ્યાપાર-ધંધાની કામગીરીમાં અણધારી પ્રગત્તિ થાય. આનંદ-ઉત્સાહસભર વાતાવરણ રહે. મહિલા વર્ગ માટે આ સમય દરમિયાન નવી તક મળે કે આકસ્મીક લાભ પ્રાપ્ત થાય. મકાન-વાહન કે સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે ખાસ કાળજી રાખવી. વડીલ વર્ગનો વિશ્વાસ સંપાદીત કરી શકશો. નોકરીયાત વર્ગને નવિન ઉન્નતિનો માર્ગ મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન ચિંતા અને અશાંતિના પ્રશ્નો ધીરે-ધીરે ઉકેલાતા જાય. કૌટુંબિક મતભેદો દૂર થાય. ખર્ચ પર કાબુ રાખવો નહિંતર નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડે. પુરૂષાર્થનો વિશેષ ફળ મેળવી શકશો. માંગલિક કાર્યો સફળતાથી પાર પડે. તમારા માટે પ્રગતિકારક સમય રહે. સામાજિક માન-પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભો પણ અટકી-અટકીને મળે. મુસાફરીમાં ધારી સફળતા મળે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન ખોટા નાણાંકીય રોકાણ ન કરવા હિતાવહ. જોખમી કાર્યોથી દૂર રહેવું. મન અધ્યાત્મિક તરફ વળી જાય. કાલ્પનીક ચિંતાથી દૂર રહી તમારી પ્રવૃત્તિઓમાં વિશેષ ધ્યાન આપજો. આરોગ્યની સમસ્યા હોય તો તે દૂર થાય, કઠીન કાર્યો સરળ બની જાય. રોકાયેલા નાણાં છૂટા થતા જાય. નજીવા કારણોસર મનમાં ચિંતા અનુભવાય. અલબત્ત સપ્તાહના અંતે મોટો લાભ મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું જરૂરી છે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની સંભાવના રહેલી છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યોમાં મન પ્રવૃત રાખવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ ધ્યાન રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાન ફેરના યોગ છે. ધંધાકીય ક્ષેત્રમાં સાવધાની રાખવી. જરૂરી નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડે. અણધાર્યો પ્રવાસ નકારી ન શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન અટકેલા કાર્યો પૂર્ણ થાય. વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પારિવારીક વિષમતા દૂર થાય. આ સપ્તાહ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું નહિં તો સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય જે ભવિષ્ય માટે લાભદાયી નીવડી શકે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સમય દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદીલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું. કુટુંબ માટે ભોગ આપવો પડે તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે અને સંતાનથી લાભ થાય. ધીરે-ધીરે પરિસ્થિતિમાં સુધારો થાય.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિકતાને કારણે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુ:ખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. નવા આયોજનો સફળતાથી પાર પાડી શકાય. મુસાફરી પ્રાવસ-ટાળવા હિતાવહ. જામીનગીરી જેવા કાર્યથી સાવચેત રહેવું.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન તમારી માનસિક ઉદાસિનતા દૂર થાય તેવું વાતાવરણ સર્જાય. માંગલિક કાર્યોના આયોજન કે લગ્ન સંબંધી સમસ્યા હોય તો તે માટે તમારે હજુ થોડો સમય રાહ જોવી પડશે. ધીરજપૂર્વક દરેક કાર્ય હાથ ધરશો તો ધાર્યો લાભ મેળવી શકશો. જીવનસાથી કે વડીલવર્ગનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરી શકશો.

# સોમનાથ મંદિરમાં ઈમરજન્સી આવક-જાવક દર્શનપથ રસ્તો સ્ટેન્ડ બાય રખાયો





(પ્રતિનિધી દ્વારા) પ્રભાસ પાટણ તા. ૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે આવતા મંદિર સાનિધ્ય બાજુમાં આવેલ પ્રાચીન મહારાણી અહલ્યાબાઈ હોલકર સોમનાથ મહાદેવ મંદિરે દર્શનાર્થીઓ દર્શન-પૂજને અવશ્ય જાય છે. આ મંદિર સંકુલનો વિકાસ કરી વિસ્તૃત તો બનાવાયું છે જ પરંતુ શ્રાવણ માસમાં ભીડનો વધારો થાય તો મંદિર સાઈડમાં આવેલા રસ્તાઓ આવક-જાવક તરીકે ઉપયોગ લઈ શકાય તે માટે સ્ટેન્ડ બાય રખાયેલ છે. અને જરૂર પડયે જુતાઘર પણ સોમનાથ ભોજનાલય પાસે આ મંદિરનું રાખી તે સુવિધા પણ ચાલુ રાખી યાત્રિકોને સુવિધા અને સગવડતામાં ઉમેરો કરાશે.

# સરદાર પટેલ મહિલા બીએસસી કોલેજ દ્વારા Tecno sci fest કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ તા. ૫

જૂનાગઢની સરદાર પટેલ મહિલા બીએસસી કોલેજ દ્વારા Tecno sci fest નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જે.કે. ઠેસીયા, ગજેરા, શ્રી ડોબરીયા, જોધાણી તથા તમામ વિભાગના વડાઓએ હાજરી આપી કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટય સાથે કરી હતી. ત્યારપછી ઓર્ગેનાઈઝેશન સ્પીચ દ્વારા આયોજનનો હેતુ સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો હેતુ સાયન્સ ક્ષેત્રમાં નવી ટેકનોલોજી વિષે માહિતી આપવાનો હતો. આમંત્રીત જજીસ દ્વારા વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રદર્શિત પોસ્ટર પ્રેઝન્ટેશનનું અવલોકન અને મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓને રેન્ક આપવામાં આવ્યા હતા અને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ મહાનુભાવોની આભારવિધી કરવામાં આવી હતી.

# નવાણીયા ગામે ખેતરની ફેન્સીંગમાં વિજશોક લાગતા ભેંસનું મૃત્યુ થયા અંગે ફરીયાદ



વિસાવદર તા. ૫

વિસાવદરના નવાણીયા ગામે રહેતા મનુભાઈ દવકુભાઈ લાલુની ભેંસ બાજુના ખેતરની ફેન્સીંગમાં વીજશોક ચાલુ હોય જેને અડી જતા ગંભીર વીજ શોક લાગતા ભેંસનું મૃત્યુ નીપજેલ હતું. આ અંગે વિસાવદર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરીયાદ કરવામાં આવેલ છે.

આ બનાવ અંગેની મળતી વિગત અનુસાર ગત તા.૨-૮-૨૪ ના રોજ સાડા ચારેક વાગ્યાના સુમારે ફરીયાદી મનુભાઈ દેવકુભાઈ લાલુની ભેંસ ચરતી ચરતી બાજુમાં આવેલ ગોવિંદભાઈ ફુલાભાઈ હીરપરાના ખેતર નજીક રોડને કાંઠે ચરતી હતી ત્યારે ફેન્સીંગમાં વીજશોક મુકેલ હોય જેને અડી જતાં ભેંસને શોક લાગતા મૃત્યુ પામી હતી. આ ભેંસ પ્રેગનન્ટ હતી અને તેની કિંમત રૂા.૧ લાખ હોવાનું જણાવેલ છે. આ બનાવ અંગે ગોવિંદભાઈ ફુલાભાઈ હીરપરા સામે ધોરણસર કાર્યવાહી કરવા ફરીયાદના અંતે માંગણી કરવામાં આવેલ છે.

# ગીર સોમનાથના બે પોલીસ સબ ઈન્સ્પેકટરોને બઢતી અપાતા બન્યા પોલીસ ઈન્સ્પેકટર



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૫

ગીર સોમનાથ જીલ્લાના બે પોલીસ સબ ઈન્સ્પેકટરોને બઢતી અપતા પોલીસ ઈન્પેકટર બન્યા છે. જેને જીલ્લા પોલીસ ભવન ખાતે સોલ્ડર બેઈઝ સ્ટાર પીનઅપ લગાવાયું હતું. બઢતી પામનાર ગીર સોમનાથ જીલ્લા એલસીબીમાં કાર્યરત તેઓ અગાઉ અમદાવાદ ગ્રામ્ય, રાજકોટ સીટીમાં ફરજ બજાવનાર એ.બી. વોરાના પ્રયત્નોથી નવાબંદર મરીન પોલીસ મથકને ભારતમાં ૧૧મું અને રાજયમાં ૧ લું સ્થાન અપાયું હતું. બઢતીથી બીજા પોલીસ સબ ઈન્સ્પેકટર પી.જે. બાટવા કે જેઓ જૂનાગઢના વતની છે અને રાજકોટ ગ્રામ્ય, જામનગર અને હાલ ગીર સોમનાથ એસઓજીમાં પોલીસ સબ ઈન્સ્પેકટરમાંથી પોલીસ ઈન્સ્પેકટર તરીકે બઢતી પામ્યા છે. તેઓના રાજકોટ કાર્યકાળ દરમ્યાન જેતપુરની બાળકીની હત્યાનો અટપટો કેસ ઉકેલી આરોપીને સજા કરાવી હોવાની નોંધપાત્ર કામગીરી સહિત અનેક ગુન્હાઓ ઉકેલ્યા છે.

## ગ્રાહકો માટે ટ્રાઈ લાવશે નવો નિયમ

# મોબાઈલ સર્વિસ ઠપ્પ થશે તો ગ્રાહકોને મળશે વળતર

નવી દિલ્હી, તા.૫

મોબાઈલ અથવા તો બ્રોડબેન્ડ સર્વિસનો ઉપયોગ કરનારા ગ્રાહકો માટે સારા સમાચાર આવ્યા છે. હવે ટેલિકોમ સર્વિસ (મોબાઈલ અને બ્રોડબેન્ડ) ઠપ થવા બદલ કંપનીએ ગ્રાહકોને વળતર ચૂકવવું પડશે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) ગ્રાહકોના હિતમાં એક નવો નિયમ લાગુ કરવા જઈ રહી છે. ટ્રાઈ દ્વારા શુક્રવારે જારી કરવામાં આવેલા નવા સર્વિસ ક્વોલિટી નિયમ હેઠળ જિલ્લા સ્તર પર ૨૪ કલાકથી વધુ સમય સુધી સર્વિસ ઠપ રહેવાની સ્થિતિમાં ટેલિકોમ ઓપરેટરોએ ગ્રાહકોને વળતર આપવું પડશે. ટ્રાઈના નવા નિયમો હેઠળ દરેક ક્વોલિટી બેન્ચમાર્કને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ દંડની રકમ ૫૦,૦૦૦ થી વધારીને ૧ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. નવા નિયમોને છ મહિના પછી લાગુ કરી દેવામાં આવશે.

રેગ્યુલેટર અને રિવાઈઝ્ડ રેગ્યુલેશનઃ ધ સ્ટેન્ડર્ડ ઓફ ક્વોલિટી ઓફ સર્વિસ ઓફ એક્સેસ (વાયરલાઈન અને વાયરલેસ) એન્ડ બ્રોડબોન્ડ (વાયરલાઈન અને વાયરલેસ) સર્વિસ રેગ્યુલેશન ૨૦૨૪ હેઠળ નિયમોના ઉલ્લંઘનના વિવિધ ધોરણો માટે ૧ લાખ રૂપિયા, ૨ લાખ રૂપિયા, ૫ લાખ અને ૧૦ લાખ રૂપિયાની ગ્રેડ પેનલ્ટી સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.

નવા નિયમો ત્રણ અલગ-અલગ રેગ્યુલેશનઃ બેઝિક અને સેલ્યુલર મોબાઈલ સર્વિસ, બ્રોડબેન્ડ સર્વિસ અને બ્રોડબેન્ડ વાયરલેસ સર્વિસ માટે ક્વોલિટી ઓફ ક્વોલિટીઉજી)નું સ્થાન લે છે. કોઈ જિલ્લામાં નેટવર્ક ઠપ થવાની સ્થિતિમાં ટેલિકોમ ઓપરેટરોએ નવા નિયમો પ્રમાણે પોસ્ટપેડ ગ્રાહકો માટે ભાડામાં રાહત આપવી પડશે અને પ્રીપેડ ગ્રાહકો માટે વેલિડિટી વધારવી પડશે. ટ્રાઈએ કહ્યું કે, જો કોઈ નેટવર્ક આઉટેજ ૨૪ કલાકથી વધુ સમય સુધી ચાલુ રહે છે તો સર્વિસ પ્રોવાઈડરને આગલા બિલિંગ સાઈકલમાં અસરગ્રસ્ત જિલ્લામાં રજિસ્ટર્ડ પોસ્ટપેડ ગ્રાહકોને સર્વિસ આઉટેજના વાસ્તવિક દિવસોની સંખ્યા માટે સબસ્ક્રાઈબડ ટેરિફ પ્લાન પ્રમાણે પ્રપોશનલ ભાડામાં છૂટ આપવી પડશે.

રેગ્યુલેટર એક કેલેન્ડર દિવસમાં ૧૨ કલાકથી વધુ નેટવર્ક આઉટેજ સમયગાળાને ભાડામાં છૂટ અથવા વેલિડિટી વધારવા માટે એક સંપૂર્ણ દિવસ તરીકે ગણશે. નવા નિયમોમાં કહેવામાં આવ્યું છે કે, ટોલિકોમ ઓપરેટરોને સર્વિસ ઠીક કરવા માટે એક અઠવાડિયાનો સમય આપવામાં આવશે. જો કે, કુદરતી આફતોના કારણે થતા વિક્ષેપોને વેલિડિટી એકસ્ટેંશન માટે માનવામાં નહીં આવશે.

એટલું જ નહીં ફિક્સ્ડ લાઈન સર્વિસ પ્રોવાઈડરોએ પોસ્ટપેડ અને પ્રીપેડ ગ્રાહકોને પણ વળતર આપવું પડશે જો તેમના નેટવર્ક અથવા સેવામાં ખામી ત્રણ દિવસ બાદ પણ બરાબર થઈ જાય. નવા નિયમ પ્રમાણે બ્રોડબેન્ડ સર્વિસ પ્રોવાઈડર્સે ગ્રાહકો દ્વારા પેમેન્ટ કર્યાના ૭ દિવસની અંદર ૯૮ ટકા કનેકશન એક્ટિવેટ કરવા પડશે. મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર્સે પોતાની વેબસાઈટ પર સર્વિસ વાઈઝ (૨૯, ૩૯, ૪૯, ૫૯) જિયોગ્રાફિકલ કવરેજ મેપ ઉપલબ્ધ કરાવવો પડશે, જેનાથી યૂઝર્સને મદદ મળશે. ટ્રાઈના નિયમ ૬ મહિના બાદ લાગુ થશે.

# મોબાઈલ ફોનની ઘંટડી વાગી તો સ્કૂલમાં શિક્ષીકા દ્વારા છોકરીઓના કપડાં ઉતારાયા

ઈન્દોર, તા.૫

એમપીના ઈન્દોરમાં એક સરકારી શાળા વિરુદ્ધ વાલીઓએ પોલીસમાં ફરિયાદ કરી છે. માતા-પિતાનો આરોપ છે કે છોકરીઓના કપડાં કઢાવી મોબાઈલ ફોનની શોધખોળ કરાઈ હતી. પોલીસે ફરિયાદની પુષ્ટિ કરી છે. આ સમગ્ર મામલો શુક્રવારે બન્યો હતો. છોકરીનાં માતા-પિતાએ મલ્હારગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં જણાવાયું હતું કે મોટા ગણપતિ વિસ્તારની સરકારી શારદા કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાના એક વર્ગમાં મોબાઈલ ફોન રણક્યો હતો. જેને શોધવા માટે એક શિક્ષિકા કથિત રીતે વિદ્યાર્થિનીઓને શૌચાલયમાં લઈ ગઈ હતી. જ્યાં તમામનાં કપડાં ઉતારવાયા હતા.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે ચેકિંગ દરમિયાન વિદ્યાર્થીનીઓને માર પણ મારવામાં આવ્યો હતો. અધિકારીએ કહ્યું કે ફરિયાદમાં સંબંધિત શિક્ષિક વિરુદ્ધ કેસ નોંધવાની માંગ કરવામાં આવી છે. મલ્હારગંજ પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એમ ધુર્વેએ જણાવ્યું કે ફરિયાદના આધારે તપાસ કરવામાં આવી રહી છે. તપાસમાં જે તથ્યો મળે છે તેના આધારે યોગ્ય કાયદાકીય પગલાં લેવામાં આવશે.

સરકારી શારદા ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલની પીડિત વિદ્યાર્થીનીએ જણાવ્યું કે, જ્યારે ક્લાસમાં મોબાઈલ ફોન વાગવા લાગ્યો ત્યારે સ્કૂલની એક શિક્ષિકાને મારા પર શંકા ગઈ. જ્યારે મેં મારી પાસે કોઈ મોબાઈલ ફોન ન હોવાનો ઈક્રાર કર્યો ત્યારે તે મને ટોયલેટમાં લઈ ગઈ અને મારા કપડાં ઉતારવા કહ્યું. વિદ્યાર્થિનીનો આરોપ છે કે ટીચરે તેને ટોયલેટમાં કપડાં ઉતાર્યા બાદ ધમકી પણ આપી હતી. તેણીએ એમ પણ કહ્યું હતું કે જો તેણીની મોબાઈલ ફોન વિશે સત્ય નહી કહે તો તે તેનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર પ્રસારિત કરશે. આ ઘટના અંગે વાલીઓએ આક્રોશ વ્યક્ત કર્યા બાદ સરકારી શારદા ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલના પ્રિન્સિપાલ સીમા જૈને જણાવ્યું હતું કે આ મામલે તપાસ કરીને યોગ્ય પગલાં લેવામાં આવશે. તેમણે કહ્યું કે વર્ગમાં એક વિદ્યાર્થી પાસે મોબાઈલ ફોન મળી આવ્યો હતો. અમે તેના માતા-પિતાને ફોન કરીને આ અંગે જાણ કરી હતી.

## HCએ કરી લાલ આંખ

# આઈએસ અધિકારી દ્વારા જજને ધમકાવવામાં આવ્યા

### ન્યાયાધીશે વળતરના કેસમાં તેમની વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો અને તેમનો પગાર રોકવાનો પણ આદેશ કર્યો હતો

જમ્મુ, તા.૫

જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટે એક IAS અધિકારીને ફોજદારી અવમાનના કેસમાં હાજર થવાનો આદેશ આપ્યો છે. આ અધિકારી ગંદરબલમાં ડેપ્યુટી કમિશનરના ચાર્જ પર તૈનાત છે. IAS ઓફિસર શ્યામબીર પર આરોપ છે કે, તેમણે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફયાઝ અહેમદ કુરેશીના આદેશ બાદ તેમની પાસે બદલો લેવાનો પ્રયાસ અને વ્યક્તિગત રીતે હુમલો પણ કર્યો. ન્યાયાધીશે વળતરના કેસમાં તેમની વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેમનો પગાર રોકવાનો પણ આદેશ કર્યો હતો. જ્યારે ગંદરબલમાં નીચલી અદાલતના ન્યાયાધીશે IAS અધિકારી શ્યામબીર વિરુદ્ધના કેસમાં ચુકાદો સંભળાવ્યો. ત્યારે આરોપ મુજબ, IAS અધિકારીએ જજ સામે જ કાર્યવાહી કરવાનું શરૂ કરી દીધું.

આદેશનું પાલન ન કરવા બદલ, કોર્ટે તેમની સામે તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી છે. અનેક વખત હાજર થવાના આદેશ બાદ પણૈં છજી અધિકારી કોર્ટમાં હાજર ન થતાં સબ જજે ગુરુવારે આ કેસ હાઈકોર્ટને સોંપી દીધો. મળતી માહિતી મુજબ, અધિકારીએ ન તો કોઈ જવાબ આપ્યો અને ન તો પોતે કોર્ટમાં હાજર થયો. આ પછી જસ્ટિસ સંજીવ કુમાર અને અતુલ શ્રીધરને IAS ઓફિસર શ્યામબીરને ૫ ઓગસ્ટે સવારે ૧૧ વાગ્યે કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો છે.

હાઈકોર્ટના આદેશમાં કહેવામાં આવ્યું છે. જો અધિકારીઓ સમન્સ મળ્યા બાદ પણ કોર્ટમાં હાજર ન થાય તો કોર્ટને તેમની હાજરી સુનિશ્ચિત કરવા માટે જરૂરી કાર્યવાહી કરવાની ફરજ પડશે. હાઈકોર્ટે વરિષ્ઠ વકીલ આર.એ. જૈનને પણ મિત્ર તરીકે મદદ કરવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગયા મહિને સબ જજે અધિકારી વિરુદ્ધ જજ પર વ્યક્તિગત હુમલો કરવાના મામલામાં તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી હતી. ૨૩મી જુલાઈના આદેશમાં જસ્ટિસ કુરેશીએ કહ્યું હતું કે, સબ-જજને બદનામ કરવાની ધમકી આપવામાં આવી અને તેમના પર વ્યક્તિગત હુમલો કરવામાં આવ્યો. ડેપ્યુટી કમિશ્નરે સત્તાવાર મશીનરીનો દુરુપયોગ કર્યો છે. કોર્ટે કહ્યું કે, ડેપ્યુટી કમિશ્નરે ન્યાયાધીશને તેની કાયદેસરની સંપત્તિ વિશે ધમકી આપી અને ત્રણ વખત પટવારીને મોકલ્યા. પ્રોપર્ટીના કેરટેકરને કહેવામાં આવ્યું હતું કે, DCએ આ જમીનનું સીમાંકન કરવાનો આદેશ આપ્યો છે



તું સ્કુલમાં પણ નિયમીત હાજરી નહોતો આપતો ને હવે લોકસભામાં પણ સૌથી વધુ ગેરહાજર રહે છે.!



તમે વર્ગમાં વિદ્યાર્થીઓની હાજરી લો છો તેમ મારે પણ ઘરમાં તમારી હાજરીની નોંધ લેવી પડે ને?

# ઉત્તમ પૂજા



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

એક જંગલમાં એક અતિપ્રાચીન શિવ મંદિર હતું. ત્યાં તે વિસ્તારનો જે રાજા હતો તે દરરોજ શિવલીંગની પુજા કરવા આવતો. તે ભક્તિયુક્ત થઈને વિવિધ પ્રકારના સંગધિત પુષ્પો અને પુજાની સામગ્રી પોતાના દિવ્યરથમાં લાવી નિયમિત નિર્મળ જળ અને સંગધિત પુષ્પો વડે શિવપુજન કરતો. આ વિસ્તારમાં ભીલ જાતિનો કઠીયારો પણ રહેતો હતો. તેને પણ આ શિવ મંદિર અને તેમાં બિરાજતા શિવ લીંગ ઉપર અપાર શ્રધ્ધા હતી. તેની પાસે કોઈ વાસણ ન હતું. તેથી પાસેથી નદીમાંથી ખોબા ભરી આવી અને શિવલીંગ ઉપર ચડાવતો. તે ઉપરાંત જંગલમાં આસપાસ ઉગેલા છોડ ઉપરથી ફુલ વગેરે લાગી શિવલીંગ ઉપર ચડાવતો. રાજા અને ભીલ જાતિનો કઠીયારો બંનેય પોતાની શ્રધ્ધ અને ભક્તિપ્રમાણે શિવજીની પુજા કરતા હતા. આ બંનેયની નિયમિત રીત પુજા થતી જોઈ એક વખત પ્રાતઃ કાળે માતા પાર્વતીજીએ શિવજીને ઉદ્દેશીને એક પ્રશ્ન કર્યો, 'હે નાથ, છેલ્લા કેટલાક સમયથી એક રાજા અને એક ભીલ જાતિનો કઠીયારો નિયમિત રીતે શ્રધ્ધાભક્તિ સાથે તમારી ઉત્તમ પ્રકારે પુજા કરે છે. હવે મને પ્રશ્ન એ થાય છે કે, આ બંનેયમાંથી ઉત્તમ પુજા ખરેખર કોની ગણાય ?' શિવજીએ પાર્વતીજીની મુંઝવણ દુર કરતાં તેમના પ્રશ્નનો ઉત્તર આપતા જણાવ્યું, 'હે દેવી, તમારા આ પ્રશ્નનો જવાબ તમને આવતીકાલે અવશ્ય મળી જશે.' બીજા દિવસ સવારે હંમેશાની જેમ જ ભીલ જાતિનો કઠીયારો શિવજીની પુજા કરવા માટે નિકળ્યો. આ સમયે વરસાદ પડવા શરૂ થઈ ગયો હતો. આકાશમાં વિજળી ચમકારા કરી રહી હતી. વાદ ગરજવાનો ભયંકર અવાજ પણ આવી રહ્યો હતો. આવા ભયંકર વાતાવરણ વચ્ચે પણ શિવપુજન કરવા નિકળેયો ભીલ જાતિનો કઠીયારો પોતાના રોજના નિયમ મુજબ શિવજીને જળાભિષેક કરવા લાગ્યો તે શિવ મંદિરમાં હતો ત્યાં જ વિજળી શિવ મંદિર ઉપર ત્રાટકી મંદિરની છત તુટી પડી. શિવ મંદિરમાં રહેલા ભીલ જાતિના કઠીયારાએ વિચાર કર્યા, મંદિરનો કાટમાળ શિવલીંગ ઉપર પડે તો તેમને ઈજા થાય. તેથી તેણે પોતાના શરીર વડે શિવલીંગને ઢાંકી દીધુ. તેણે પોતાની પીઠ ઉપર ઉપરથી પડતો કાટમાળ ઝીલી લીધો. બીજી બાજુ બરાબર આ જ સમયે રાજા સુગંધિત ફુલો અને શુધ્ધ જળ લઈ અને શિવ મંદિર પાસે આવ્યો. પરંતુ મંદિર તુટી પડેલ છે તે જોઈને ત્યાંથી જ પાછો વળી ગયો. તે પોતાના રાજમહેલ પરત ગયો. જ્યારે ભીલ જાતિના કઠીયારાએ જ્યારે વાતાવરણ શાંત થયું ત્યારે મંદિરમાંથી સફાઈ કરી ફરી ખોબે ખોબે શિવલીંગ ઉપર અભિષેક કરી. ખુશ્બુદાર ફુલો શિવલીંગ ઉપર ચડાવ્યા. પોતાને થયેલ ઈજાની પણ તેણે પરવા ન કરી. ત્યારે હસતાં હસતાં શિવજીએ પાર્વતીજીને સંબોધીને કહ્યું, 'દેવી, ગઈકાલે તમે જે પ્રશ્ન મને પુછેલો તેનો જવાબ તમને મળી ગયો ?'

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે શ્રાવણમાસમાં ધર્મોત્સવ










(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

શહેરના જવાહર રોડ સ્થિત ઐતિહાસીક અને ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વહસ્તે પધરાવેલા મહાપ્રતાપી શ્રી સિદ્ધેશ્વર મહાદેવજીના પવિત્ર સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં પ્રેરણામૂર્તિ માજી. ચેરમેન શ્રી સ.ગુ.કો.સ્વા.દેવનંદનદાસજીની પ્રેરણાથી અલગ અલગ ઉત્સવોની ધામધૂમથી ઉજવણી થશે જેમાં સંપૂર્ણ શ્રાવણ માસ દરમ્યાન અલગ અલગ શાસ્ત્રોની પ્રતિદિન ધર્મકથાનો લાભ મળશે તા.૦૫-૦૮-૨૦૨૪ ને સોમવારની તા.૧૧-૦૮-૨૦૨૪ ને રવિવાર સુધી શ્રીમદ સત્સંગિજીવનની કથા સરધારધામનાં સ્વામી શ્રીહરિચરણદાસજી દ્વારા તેમજ તા.૧૨-૦૮-૨૦૨૪ ને સોમવારની તા.૨૦-૦૮-૨૦૨૪ને મંગળવાર સુધી શ્રી ભક્તચરિત્ર કથા પુરાણી સ્વામી શ્રી માધવજીવનદાસજી દ્વારા તેમજ તા.૨૧-૦૮-૨૦૨૪ને બુધવારથી તા.૨૭-૦૮-૨૦૨૪ને મંગળવાર સુધી શ્રી શિવમહાપુરાણ ગ્રંથની કથા બ્રહ્મચારી શાસ્ત્રી સ્વામી શ્રી સરજુદાસાનંદજી દ્વારા તેમજ તા.૨૮-૦૮-૨૦૨૪ ને બુધવારથી તા.૦૩-૦૯-૨૦૨૪ને મંગળવાર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ શાસ્ત્રી સ્વામી શ્રી કુંજવિહારીદાસજી દ્વારા કથામૃતનું રસપાન કરાવવામાં આવશે. સંપૂર્ણ માસ દરમ્યાન શ્રીહરિને હિંડોળે ઝુલાવવાનો અલભ્ય અવસર પણ મળવા જઈ રહ્યો છે. જેમાં નકશીકામ યુક્ત કલાત્મક હિંડોળામાં ઠાકોરજીના દર્શન થશે સાથે મહાપ્રતાપી શ્રી સિદ્ધેશ્વર મહાદેવજીને સૌપ્રથમવાર ડાયમંડ રજત સુવર્ણ જડિત વસ્ત્રાલંકાર ધરાવવામાં આવશે. તેમજ સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન આવતા વિવિધ તહેવારોમાં જેવા કે દરેક સોમવારે મહાપ્રતાપી શ્રી સિદ્ધેશ્વર મહાદેવજીની વિવિધ પ્રકારે પૂજાઅર્ચના, અભિષેક, નૂતન ધજાપૂજન, લઘુરૂદ્ર યજ્ઞ તેમજ દિવ્ય શણગાર તથા મંદિરમાં બિરાજિત દેવોને મહા થાળ તેમજ તા.૨૪-૦૮-૨૦૨૪ ને શનિવારના રાત્રી ના ૮.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી શ્રી દેવોત્સવ મંડળ રાજકોટ દ્વારા "શિવ આરાધના" ભક્તિ ગીતો, કીર્તનનું તેમજ તા.૧૯-૦૮-૨૦૨૪ ને સોમવાર મુકુટોત્સવ પૂનમ (રક્ષાબંધન) ના અદભુત શણગાર તેમજ તા.૨૬-૦૮-૨૦૨૪ ને સોમવારના રોજ જન્માષ્ટમી નિમિત્તે "શ્રી કૃષ્ણ જન્મોત્સવ" ની ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે આ રીતે પૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન અનેક વિવિધ રીતે અલગ અલગ ધાર્મિક કાર્યક્રમોની ભવ્યાતી ભવ્ય રીતે ઉજવાય અને તમામ હરિભક્તો અને ભક્તજનોને વિશેષને વિશેષ લાભ મળે તેવા હેતુથી ચેરમેન શ્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી.સ્વામી) તેમજ કોઠારી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી (નવાગઢવાળા) તેમજ ચોકલી, ભંડારી સ્વામી શાસ્ત્રી શ્રી કુંજવીહારીદાસજી સ્વામી, શાસ્ત્રી સ્વામી નારાયણ સ્વરૂપદાસજી, સ્વામી અમૃતસાગરદાસજી નૌતમ પ્રકાશદાસજી, પાર્ષદ ચીમનભગત વગેરે સંતો તેમજ સમગ્ર ટ્રસ્ટી મંડળ જહેમત ઉઠાવી રહેલ છે. તો દરેક ભક્તજનોએ પવિત્ર શ્રાવણ માસ તેમજ વિવિધ પ્રકારના ઉજવાતા ધાર્મિક કાર્યક્રમોને અવશ્ય લાભ લેવા ધર્મપ્રેમી જનતાને ભાવભર્યુ આમંત્રણ પાઠવેલ છે તેવું પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવાયુ છે.

## પુર્વ કેબીનેટ મંત્રી જવાહર ચાવડાનો કેન્દ્રીય મંત્રીને સનસનાટીભર્યો પત્ર : મંત્રીશ્રી તમારા મત વિસ્તારમાં ટોલટેક્ષનો અન્યાય બંધ કરાવો

**જૂનાગઢ અને પોરબંદર મત વિસ્તારની જનતા માથે જ કેમ ટોલટેક્ષનો ભયાનક માર ? : મંત્રી પોતાના મત વિસ્તારમાં કેન્દ્ર સરકારનો અન્યાય દુર કરાવશે ખરા ? તેમ પ્રશ્ન**

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૫

માણાવદર મત વિસ્તારના પુર્વ કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડાએ કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ મનસુખભાઈ માંડવીયાને એક લેખીત પત્ર ટોલટેક્ષના અન્યાય સામે લખતા સનસનાટી ભર્યા પત્રએ ચકચાર મચાવી છે. કેમ કે કેન્દ્ર સરકારના કેન્દ્રીય મંત્રી અને પોતાના જ મત વિસ્તારની જનતા સાથે અન્યાય થાય તે ચોંકાવનારૂ ગણાય.

પત્રમાં લખેલ છે કે અમારા આ વિસ્તાર સાવ નવો જ છે આપના માટે તેથી પ્રશ્નો પ્રત્યે અજાણ હોવ, આપને અમારા વિસ્તારની સમસ્યાઓથી માહિતગાર કરી સત્વરે અન્યાયને દુર કરવા માંગુ છુ. આપને મંત્રી જાણીને આઘાર અને આશ્ચર્ય થશે કે સમગ્ર સૌરાષ્ટ્રમાં આપના જ મતક્ષેત્ર એટલે કે પોરબંદર અને જૂનાગઢ લોકસભાના વિસ્તારના લોકો જયારે પોતાની રજુઆત તાલુકા, જીલ્લા કે રાજય કક્ષાએ કરવા જાય તો અસહય ટોલટેક્ષ ભરવો પડે છે. જે સરાસર અન્યાય છે. સૌરાષ્ટ્રના અન્ય લોકસભા વિસ્તારના લોકો જેમ કે જામનગર, અમરેલી, રાજકોટ, ભાવનગર અને સુરેન્દ્રનગર જીલ્લાના મતદારોને પોતાની રજુઆત તાલુકા, જીલ્લા અને રાજયકક્ષાએ જતી વેળાએ ટોલટેક્ષનો માર પડતો નથી.

દુઃખની વાત એ છે કે આ ઓમારયું વર્તમાન મને અન્યાય કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહયું છે તે પણ કેન્દ્રીય મંત્રી તથા સાંસદ પોરબંદર મત વિસ્તારમાં પણ છે. આપ તો ત્યા હોદ્દા ઉપર બિરાજો છો તેવા સંજોગોમાં સમસ્યાનો હલ તુરત કરવા આપ સમર્થ છો. તેથી હાલ સ્થાનિક લોકો આ સમસ્યાને લઈને અત્યંત રોષ તથા પીડા જોઈને આપનું આ મુદ્દા માટે ધ્યાન દોરવા પ્રેરાયો છું. સામાન્ય નાગરીક રોજબરોજ પોતાની સમસ્યાની રજુઆત કરવા જેવી પાયાની બાબતો માટે પણ કેટલો અન્યાય ટોલટેક્ષના સ્વરૂપમાં સહન કરે છે. પોરબંદર સાંસદના મત વિસતારથી રાજય કક્ષએ જતા રૂા.૨૯૦ ટેક્ષ ભરવો પડે છે. વેરાવળથી જતા ૩૦૫ રૂપિયા ટોલટેક્ષ ભરવો પડે છે. વધુમાં જણાવ્યું કે હું પોતે સક્ષમ છું ટોલટેક્ષ ભરવા અને ભરી રહયો છું. હું મંત્રી કે એમએલએના બોર્ડનો ઉપયોગ કરતો નથી પરંતુ સામાન્ય જનતાનું શું ? જવાહરભાઈ ચાવડાએ પત્રમાં જણાવ્યું છે.

## હજારો રેશનકાર્ડ ધારકો માટે માણાવદર પંથકમાં ઈ-કેવાયસીની તાકીદે વ્યવસ્થા કરવા માંગ

**ઈકેવાયએસી નહી કરાવતા શિષ્યવૃતિના ફોર્મ નહી ભરાતા હોવાની આમ જનતાની ફરીયાદ**

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૫

માણાવદર શહેર તથા ૫૫ ગામોમાં સરકારશ્રીના ઈ-કેવાયસી યોજના હેઠળ યોજના ચાલુ છે. જેમાં હજારો રેશનકાર્ડ ધારકો સામે વ્યવસ્થા ના હોય, હજારો રેશનકાર્ડ ધારકો અને તેમાં રહેલા નામો કે જે લાખોની સંખ્યામાં થવા જાય છે તે સામે યોગ્ય વ્યવસ્થા નહી હોવાની આમ જનતામાંથી ફરીયાદો ઉઠી છે. જો ઈકેવાયસી નહી થાય તો માલ બંધ થઈ જશે, રેશનકાર્ડ બંધ થશે તેવી દહેશત પેશી ગઈ છે.

યોજના સરકાર બનાવી તો દે છે પરંતુ યોજના સફળ કે થાય તે પહેલા વિચારતા નથી. ગામડે ગામડે વીસીની નિમણુંકો થઈ છે. તેઓને જે તે ગામડા દીઠ કેમ કામ ફાળવતા નથી ? આ યોગ્ય વ્યવસ્થા ના હોય, ૫૫ ગામડા અને શહેરના હજારો લોકો માટે એકમાત્ર મામલતદાર કચેરીની એક જ બારી તેમાં પણ અન્ય કામ હોવાની વાતો કરી લોકોને ભારે મુશ્કેલી પે છે. એક અંદાજ મુજબ ૪૫ હજારથી વધુ રેશનકાર્ડ હોવાનું કહેવાય છે ત્યારે તે મુજબ ભાજપ સરકારે વ્યવસ્થા નહી કરતાં સમગ્ર તાલુકાની જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. સરકાર યોજના કરે હેરાન પ્રજા થાય છે તેનું કોઈ વિચારતા જ નથી તેવી ચર્ચા પ્રજાજનો કરી રહયા છે. તેવી પણ ચર્ચા છે કે ભાજપ પક્ષને મતો જોતા હોય તો આઈટી સેલ અને ભાજપ કાર્યકરોની ફોજ ઉતારી દે છે. ઘરે ઘરે મતદાનની સ્લીપો આવી જાય છે પરંતુ પ્રજાને ધકકા ખવડાવવામાં આવે છે. અનેક બેરોજગારોને ટેબલેટ જેવા આધુનિક સાધનો આપી કામ કરાવી શકાય હવે યોજના સરકારની તે કરવા પ્રજાને લાઈનમાં ઉભા રહી રોજગારી ગુમાવી પડે તેવી કામગીરી કેમ ? ઘરે ઘરે ઈ કેવાયસી કરાવો તેવી લોકમાંગ છે.

શ્રાવણે શિવ ભક્તિ મહિમા

## દ્વારકાના સમુદ્રક્ષોત્રે દારૂકાવનમાં આવેલ પૌરાણિક દ્વાદશ જયોતિલિંગ શ્રી નાગેશ્વર મહાદેવ






(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૫

પવિત્ર યાત્રાધામ દ્વારકાથી ૧૬ કી.મી.ના અંતરે સમુદ્ર ક્ષેત્રે ઓખામંડળમાં શ્રી નાગેશ્વર મહાદેવનું જયોતિલિંગ અનાદિકાળથી પ્રકાશે છે. જે સમગ્ર ભારતવર્ષમાં આવેલ બાર જયોતિલિંગમાંનું એક છે. સૌરાષ્ટ્રના આ વનપ્રદેશને વર્તમાન સમયમાં દારૂકાવન-દ્વારકા ક્ષેત્રે કહેવાય છે. શ્રીકૃષ્ણએ પોતાની નવી રાજધાની દ્વારકાનું નિર્માણ કર્યુ, તે પહેલા આ સ્થળે અનાદિકાળથી રહેલ શ્રી નાગેશ્વર મહાદેવની પૂજા-અભિષેક કરીને શિવજીની કૃપાથી ભગવાન શ્રીકૃષ્ણએ પશુપતાસ્ત્ર મેળવી આ સમુદ્રક્ષેત્રમાં રહેલા શંખ, કુશ, દારૂકા આદિ રાક્ષસોનાદળ-બળનો નાશ કરીને મનુષ્ય માટે વસવાટ કરવા આ ક્ષેત્રને નિર્ભય બનાવ્યું હતું. પ્રાચીન કાળમાં ભગવાન શ્રી દ્વારકાધીશ ત્રૈલોકય સુંદર જગત મંદિરના દર્શન માટે દ્વારકાપુરીની યાત્રાએ આવેલા ભગવાન શંકરના ઉપદેશ પ્રચારક એવા જગદ્ગુરૂ આદ્ય શંકરાચાર્ય મહારાજે પણ નાગેશ્વર પધારીને પૂજા-અર્ચન કરેલ. આદ્ય શંકરાચાર્યજીએ શ્રી નાગેશ્વર મહાદેવના અભિષેક-પૂજન કરીને તેમના સ્વરચિત બાર જયોતિલિંગ સ્તોત્રમાં લખેલ છે કે, યામ્યે સદ્અંગે નગરેતિરમ્યે વિભૂષિતાંગ વિવિધૈશ્વર્ય ભોગૈઃ । સદ્ ભકિતમુકિતપ્રદમીશમેકં શ્રી નાગનાથં શરણં પ્રપદ્યે ।। ઉપરોકત સ્તોત્ર વિશે ઉપદેશ આપતા શ્રી આદ્ય શંકરાચાર્યજીએ કહેલ કે "વિવિધ સુંદરતાથીવિભૂષિત કરેલા અને વિવિધ ભોગ ધરાય છે, તે ઈશ્વરના નગરની દક્ષિણે સદ્ભકિત અને મુકિત આપનારાશ્રી નાગનાથના શરણે હું જાઉ છું." નાગેશ્વર લિંગ પણ બે જગ્યાએ આવેલ છે. જેમાં એક ઉપરોકત કરેલ વર્ણન અનુસાર અને બીજું હેદ્રાબાદ રાજયમાં આવેલ છે. પરંતુ "શિવપુરાણ" જોવાથી તેમાં દ્વારિકા માર્ગે આવેલ શ્રી નાગેશ્વર મહાદેવનું શિવલિંગ પ્રમાણિત લાગે છે. શિવપુરાણમાં સ્પષ્ટપણે ઉલ્લેખ થયેલ છે કે "સાગર ક્ષેત્રમાં આવેલ દારૂકાવનમાં મહાદેવનું પ્રાગટય શ્રી નાગેશ્વર નામથી થયેલું છે." આ પૌરાણિક પ્રમાણથી "સમુદ્ર ક્ષેત્રમાં રહેલા આદારૂકાવનમાં પ્રગટ થયેલ "શ્રી નાગેશ્વર" આદ્ય જ્યોતિલિંગ છે તેમ માની શકાય. દ્વાદશ જ્યોતિલિંગ શ્રી નાગેશ્વર મહાદેવના મંદિરના જીર્ણોદ્ધાર પછી મંદિર વિશાળ, સુંદર તેમજ નયનરમ્ય બન્યું છે. મંદિર પાસે ૮૫ ફુટ ઉંચી ભગવાન શિવજીની પ્રતિમા આવેલ છે. જે મંદિરથી એક કિલોમીટર દૂરથી પણ જોઈ શકાય છે. આ મંદિરના જીર્ણોદ્ધાર માટે એક સમયના ફિલ્મ જગતનામ માંધાતા, ટી-સીરીઝના નિર્માત તેમજ ભગવાન શિવના પરમ ભક્ત સ્વ.ગુલશન કુમારે આર્થિક સહયોગ આપેલ છે. યાત્રાધામ દ્વારકાપુરીની યાત્રાએ આવતા યાત્રિકો શ્રી નાગેશ્વર મહાદેવના દર્શનાર્થે અવશ્ય પધારે છે. હાલમાં શંકર ભગવાનની ભકિત કરવા માટે સર્વોતમ એવા પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગયેલ હોઈ યાત્રિકો અને શિવ ભકતો મોટી સંખ્યામાં અહીંયા વાહનો દ્વારા તેમજ પગપાળા કરીને દર્શનાર્થે આવે છે. હરિ કહેતા ભગવાન શ્રીકૃષ્ણ અને હર કહેતા મહાદેવ શિવજી આ બંને ઉપાસક અને ઉપાસ્ય એવા આ મહા યોગેશ્વરના દર્શન કરીને બાર જ્યોતિલિંમાં એક એવા "નાગેશં તુ દારૂકાવને" બિરાજતા શિવજી આપણુંસૌનું કલ્યાણ કરે.

## શ્રાવણ મહિનાની શરૂઆતે જ શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને કેદારનાથ અને શિવજીની પ્રતિકૃતિવાળા વાઘા પહેરાવ્યા અને હિમાલય દર્શનનો શણગાર કરાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૫

ભગવાન શિવજીની આરાધનાના પર્વ એવાં પવિત્ર શ્રાવણ મહિનાની આજથી શરૂઆત થઈ ગઈ છે. ઠેર-ઠેર શિવ ભકતો શિશ ઝૂકાવી શિવજીને પ્રસન્ન કરી રહ્યા છે. આજે સોમવારથી જ શ્રાવણ મહિનાની શરૂઆત થઈ છે. ત્યારે વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપલક્ષમાં સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસના પવિત્ર સોમવારે તા.૦૫-૦૮-૨૦૨૪ રોજ શ્રીકષ્ટભંજનદેવને શિવજી અને કેદારનાથ મંદિરની પ્રતિકૃતિવાળા વાઘા પહેરાવાયા છે અને સિંહાસને હિમાલયનો વિશેષ શણગાર કરાયો છે. આજે સવારે શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી. શ્રાવણ માસ દરમ્યાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાન તેમજ દર સોમવારે શ્રી નીલકંઠ મહાદેવ મંદિર ખાતે દરરોજ પવિત્ર બ્રાહ્મણો દ્વારા સંપૂર્ણ શ્રાવણ માસ દરમિયાન શિવપૂજન કરવામાં આવશે. સમય : દરરોજ સવારે ૭ થી ૧૦ વાગ્યે આયોજન કરવામાં આવેલ. હરિપ્રકાશ સ્વામીએ હનુમાનજી મંદિર પરિસરમાં સ્થિત નિલકંઠ મહાદેવ મંદિરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હરિપ્રકાશ સ્વામીએ શિવજીની પૂજા કરીને ભક્તો માટે મંગલ કામના કરી હતી. શ્રાવણ માસ દરમ્યાન શ્રીહરિ મંદિર દિવ્ય હિંડોળાના આ અનેરા દર્શનનો લાભ હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

## દ્વારકાના ગોમતીઘાટે મહિલાઓ માટે કપડા ચેન્જિંગ રૂમ મુકવામાં આવ્યા




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૫

દ્વારકામાં ગોમતીઘાટ ઉપર થોડા વર્ષો થયા મહિલાઓ માટે કપડાં ચેન્જિંગ રૂમ ન હોવાથી અવારનવાર ફરિયાદો તેમજ મીડિયા અહેવાલો પ્રસિદ્ધ થયા હોય ત્યારે નગરપાલિકાનું તંત્ર હરકતમાં આવી હરિદ્વાર ખાતે ઘાટ ઉપર આવેલા એવા જ સ્ટીલના ચેન્જિંગ રૂમ બનાવી ઘાટ ઉપર મૂકવામાં આવેલ આ પ્રશ્નો વર્ષો થયા જૂનો હોય તે પ્રશ્ન હાલ સોલ થઈ ગયો છે કારણ કે દ્વારકામાં દરરોજ દેશ વિદેશથી હજારો યાત્રિકો ભગવાન દ્વારકાધીશના દર્શને આવતા હોય ત્યારે ગોમતી સ્નાન જરૂર કરતા હોય છે. તેઓ માટે સ્નાન કર્યા બાદ કપડા બદલવાની પુરતી વ્યવસ્થા ન હોવાથી હવેથી મહિલાઓ માટે જુના ગોમતી ઘાટ ઉપર ત્રણ તેમજ નવા ગોમતી ઘાટ ઉપર પાંચ કુલ આઠ કપડા ચેન્જ માટે રૂમની વ્યવસ્થા થતા આ પાલીકાની કામગીરી સૌકોએ બિરદાવી છે

## હરિયાળી અમાસના કાળિયા ઠાકોરના અલૌકિક શણગારની ઝાખી દર્શન



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૫

જગ વિખ્યાત દ્વારકાધીશ જગત મંદિર ખાતે રવિવારના હરિયાળી અમાસના કાળિયા ઠાકોરને વારદાર પુજારી દ્વારા અલૌકિક શણગારની ઝાખી કરવામાં આવી હતી. શ્રીજીને લાલ અને લિલા કલરના વસ્ત્રો સાથે મોર મુગટ સોના ચાંદીના આભુષણોની સાથે ઠાકોરજી આસપાસ વિવિધ જાતના લિલાછમ ફુલ ફળના ઝાડની ડાળીઓ રાખી હરિયાળી અમાસ નિમીતે વિશેષ શણગાર કરવામા આવ્યો હતો. સાંજે ઉત્થાપન સમયે સુકામેવા મનોરથ દર્શન યોજાયા હતા. તે અલૌકિક શ્રીજીના દર્શનનો લાભ સંખ્યાબંધ ભાવિકોએ લિધો હતો.

## અખિલ ગુજરાત માચ્છીમાર મહામંડળ દ્વારા બોટ માલિકોને ખાસ અપીલ

જૂનાગઢ તા. ૫

આથી ગુજરાત રાજયના દરેક બોટ માલિકોને અખિલ ગુજરાત માચ્છીમાર મહામંડળ દ્વારા ખાસ અપીલ કરીને જણાવવામાં આવેલ છે કે, ગુજરાત રાજયમાં આગામી માચ્છીમારી સિઝન તા.૧ ઓગષ્ટ ને બદલે તા.૧૫ ઓગષ્ટથી શરૂ કરવામાં આવે તેવી ગુજરાતના તમામ બંદરોના એસોસીએશનો દ્વારા ગુજરાત સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવેલ છે. તેના આધારે તા.૧૫ ઓગષ્ટનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવે તો અત્યારે જે કોઈની બોટના ટંડેલ, ખલાસીઓને બોલાવવાના હોય તે વિચાર વિમર્શ કરીને બોલાવવા તેવી તમામ બોટ માલિકોને અપીલ કરવામાં આવેલ છે.

## વંથલીના કોયલી ગામેથી રહેણાંક મકાનમાંથી જુગારનો અખાડો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૫

વંથલી તાલુકાના કોયલી ગામે રહેણાંક મકાનમાં ચાલતા જુગારના અખાડા પર પોલીસે દરોડો પાડી ૮ જુગારીઓને જુગાર રમતા ઝડપી વંથલી પોલીસ મથકે કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે કોયલી ગામે રહેતા માધાભાઈ નાથાભાઈ પરમારના રહેણાંક મકાને દરોડા પાડતા મકાન માલીક સહિત માધાભાઈ દાનાભાઈ મકવાણા, માધાભાઈ બધાભાઈ પરમાર, નરેન્દ્રભાઈ વીરાભાઈ પરમાર, અશોકભાઈ બાબુભાઈ રાઠોડ, દિપકભાઈ કારાભાઈ પરમાર, રણમલભાઈ જેતાભાઈ મુળીયાસીયા, દિલીપભાઈ રતીલાલ પરમાર રહે. તમામ કોયલીવાળાઓને જુગાર રમતા રૂા.૧૫,૧૪૦ રોકડ, ૭ મોબાઈલ સહિત કુલ રૂા. ૩૧,૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી વંથલી પોલીસ મથકે જુગાર ધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે.

## ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ-જૂનાગઢ શાળાનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ જૂનાગઢના વિદ્યાર્થીઓએ જૂનાગઢ જીલ્લા કક્ષાની ચેસ સ્પર્ધા અંડર-૧૭ માં સંભાડ પ્રિન્સ કમલેશભાઈ ધો.૯ના વિદ્યાર્થીએ પ્રથમક્રમે વિજેતા બની રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ અને અંડર-૧૪ ચેસ સ્પર્ધામાં ધો. -૮ પટેલ દિવ્ય રાજેશભાઈ એ તૃતીય નંબર પ્રાપ્ત કરી શાળાનુ ગૌરવ વધારેલ તે બદલ શાળાના પ્રમુખ જે.વી.બુટાણી, તેમજ શાળાના તમામ સ્ટાફે બંન્ને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ હતા.

શંભુ શરણે પડી માંગુ દાડી રે ઘડી.. કષ્ટ કાપો દયા કરી દર્શન શિવ આપો...

# આજથી પ્રવિત્ર શ્રાવણ માસનો શુભારંભ

## ભોળા શંકર ભવ દુઃખ કાપો નિત્ય સેવાનું શુભ ધન આપો : દેવાધિ દેવ ભોળાશંકરને ભજવા સવારથી જ શિવ મંદિરોમાં ભાવિકોની ભીડ : મંદિરને શણગારાયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

દેવાધી દેવ ભગવાન શંકરની પૂજા, ભક્તિ અને કાલાવાલા કરવાનો અનેરો માહીમા છે. એવા પવિત્ર શ્રાવણ માસનો આજથી શુભારંભ થયો છે ત્યારે શિવાલયોમાં સવારથી જ ભકતોજનોની ભારે ભીડ દર્શનાર્થે લાગી છે. શ્રાવણ માસના શુભારંભ સાથે જ આજે જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં આવેલા ઓમકારેશ્વર મહાદેવ મંદિર, બિલનાથ મહાદેવ મંદિર, ભૂતનાથ મહાદેવ મંદિર, ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર, ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, ભવનાથ મહાદેવ મંદિર, દાતારેશ્વર મહાદેવ મંદિર, જટાશંકર મહાદેવ મંદિર, રામનાથ મહાદેવ મંદિર, રામેશ્વર મહાદેવ મંદિર સહિતના વિવિધ શિવ મંદિરોમાં અનેરી સજાવટ સાથે વિશેષ પૂજાના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ભગવાન ભોળાનાથને જળનો અભિષેક, બીલીપત્ર, દુધધારાનો અભિષેક કરવામાં આવી રહ્યો છે અને ભોળાનાથનો વિશ્વના કલ્યાણની કામના કરવામાં આવી રહી છે. આજથી સોમવારના રોજ શ્રાવણ માસ શરૂ થયો છે અને સોમવારના રોજ શ્રાવણ માસ પૂર્ણ થશે. આ વખતે કુલ પાંચ સોમવારનો સંયોગ રચાયો છે. શિવજીના મંદિરો વિશેષ ધાર્મિક કાર્યક્રમ પણ સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન યોજાશે. આ ઉપરાંત બિલનાથ મહાદેવ મંદિરે શ્રાવણ માસમાં પ્રથમ સોમવારે બ્રહ્મ યુવા સંગઠન દ્વારા આજે વિશેષ પૂજાનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત જવાહર રોડ ઉપર આવેલ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવોની વિશેષ પૂજા અને ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભાવિકો ભગવાન શિવજીની ભક્તિમાં લીન બની જશે અને શિવાલયો હર હર મહાદેવ હરના નાદથી ગુંજી ઉઠશે.

# સફાઈના અભાવે અંબાજી મંદિર નજીક ઠેર-ઠેર કચરા-પ્લાસ્ટીકના ગંજ ખડકાયા

## રોપ-વે બંધ હોય ત્યારે સફાઈકર્મીઓ કચરો લેવા નહી આવતા ઉકરડો ખડકાયો !



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ સ્થિત ગિરનાર પર આવેલ અંબાજી મંદિર અને રોપવે સાઈડમાં ઠેર ઠેર કચરાના ગંજ ખડકાતા યાત્રિકોમાં ભારે કચવાટ ફેલાયો છે. જૂનાગઢના ગિરનાર પર્વત પર મોટી સંખ્યામાં યાત્રિકો આવતા હોય, મોટી માત્રામાં કચરો થતો હોય જે કચરો સફાઈ કર્મચારીઓ લઈ જતા હોય છે પરંતુ છેલ્લા દસેક દિવસોથી રોપ વે બંધ હોવાના કારણે સફાઈ કર્મીઓ કચરો લેવા આવ્યા ન હોય જેના કારણે અંબાજી મંદિર નજીક કચરા-પ્લાસટીકના ગંજ ખડકાયા છે.

આ અંગે સ્થાનિક વેપારીએ જણાવ્યું હતું કે, ગિરનાર પર્વત પર સફાઇ માટે જે એજન્સીને કામ સોંપાયું છે તેના કર્મીઓ જો રોપ-વે ચાલુ હોય તો સફાઇ કરવા અને કચરો લઈ જવા માટે આવે છે. જો રોપ- વે બંધ હોય તો કોઈ ડોકાતું પણ નથી. થોડા દિવસ પહેલા સફાઇ કરવા માટે કર્મીઓ આવેલા હતા. સફાઇ કરી કચરાના બોરા ભર્યા. પછી રોપ-વે બંધ થતા કચરાના બોરા જેમના તેમ મૂકીને જતા રહ્યા. હવે જ્યારે જંગલ ખાતું કે રોપ-વે વાળા આવશે ત્યારે દુકાનો પાસે કચરના બોરા જોઈને વેપારીઓને દંડ કરશે.

અત્રે ઉલલેખનીય છે કે, જૂનાગઢની વાતો કરાઇ હતી પરંતુ તેની અમલવારી કરાવવામાં તંત્ર ઉણું ઉતર્યું છે.મંદિર પરિસર અને રોપ- વેની સાઇડ પર જ્યાં કચરાના ગંજ ખડકાયા છે ત્યાં મોટાભાગનો કચરો પ્લાસ્ટિકનો છે. પ્લાસ્ટિકની પાણીની બોટલો,ઝભલા વગેરેના ઠેર ઠેર ઢગલા થયા છે. રોપ- વે બંધ હોય ત્યારે સફાઇ પણ બંધ રહે છે તેનો યોગ્ય ઉકેલ તંત્રએ કરવો જોઇએ. સાથે અહિં પીવાના પાણીની સમસ્યા છે. ભાવિકો-યાત્રાળુઓને પીવાનું પાણી મળતું નથી.બેસવા માટે બાકડાની પુરતી વ્યવસ્થા નથી. જ્યારે ટોઈલેટની પણ સુવિધા નથી જેના પરિણામે યાત્રિકોની મુશ્કેલીમાં વધારો થાય છે. આમ, ગિરનાર પર લાઈટ, પીવાનું પાણી, ટોઈલેટ- બાથરૂમ, સફાઈ, બેસવાના બાકડા સહિતની પ્રાથમિક સુવિધાનો અભાવ હોય આવનાર પ્રવાસીઓ જૂનાગઢની ખરાબ છાપ લઈને જાય છે.પરંતુ તંત્રના નિંભર અધિકારીઓને તો જાણે કંઈ પડી જ ન હોય તેમ તેના પેટનું પાણી પણ હલતું ન હોય યાત્રિકોની સમસ્યા ઠેરની ઠેર રહી જવા પામી છે.


**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

**બીના ઈલેક્ટ્રોનિક્સ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


**જાહેર કેવિયેટની પબ્લિક નોટિસ**

**જૂનાગઢના નામદાર સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,**

કેવિયેટ અરજી નં. / ૨૦૨૪

મહાનગરપાલિકા–જૂનાગઢ.
હ્રુ–કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા કચેરી,
આઝાદ ચોક, જૂનાગઢ .......... કેવિયેટર

વિરૂધ્ધ

ભારતના કોઈ પણ નાગરિકશ્રી .......... સામાવાળા

બાબત :– સી.પી.સી. કલમ–૧૪૮–એ હેઠળ જાહેર પબ્લિક કેવિયેટ.

અરજદારની માનસર અરજ છે કે,

(૧) જુનાગઢ મહાનગર વિસ્તારમાં જોષીપરા રેલ્વે ક્રોસીંગ એલ.સી.નં.૮૧/બી તથા બસ સ્ટેન્ડ પાસે એલ.સી.નં.૮૨/બી બનાવવા સંબંધે જુનાગઢ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં તા.૧૬/૧૧/૨૦૨૧ ના ઠરાવ થયેલ છે. ત્યારબાદ મહાનગરપાલિકા જુનાગઢની સ્થાયી સમિતિએ તા.૦૯/૦૬/૨૦૨૨ ના ફરી ઠરાવ કરેલ છે ત્યારબાદ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવવા સૈધ્ધાંતિક મંજુરી આપેલ છે અને સદર કામ અંગે ગ્રાન્ટની ફાળવણી પ્રોજેકટની પ્રગતીને આધારે તબક્કાવાર ચુકવવામાં આવશે તેમ ગુજરાત શહેરી વિકાસ કંપની લિ. ગાંધીનગરએ તા.૦૮/૦૯/૨૦૨૨ ના પત્રથી મહાનગરપાલિકા કચેરી જુનાગઢને જાણ કરેલ છે. ત્યારબાદ પ્લાન પણ મંજુર થયેલ હોય મહાનગરપાલિકાએ એન્જી જા.નં.૧૬૨૬ તા.૧૨/૦૩/૨૦૨૪ ના સદર બ્રીજ સંબંધે જાહેર નિવિદાનો ડ્રાફટ તૈયાર કરેલ છે અને વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ છે, તે બાદ આવેલ બે ટેન્ડર પૈકી એલ ૧ માં મિરલ ઈન્ફ્રાસ્ટ્રકચરનુ ટેન્ડર ગ્રાહય રાખવાપાત્ર હોય સ્થાયી સમિતિમાં તા.૧૯/૦૬/૨૦૨૪ ના ઠરાવ થયેલ તે બાદ સદર મિરલ ઈન્ફ્રાસ્ટ્રકચરને સિકયુરીટી ડીપોઝીટ માટે જાણ કરવામાં આવેલ અને સદર પેઢીનો તા.૧૨/૦૭/૨૦૨૪ નો પત્ર આવેલ હોય કેવીયેટરએ સદર પેઢીને તા.૨૬/૦૭/૨૦૨૪ ના પત્રથી જણાવેલુ કે "કન્સ્ટ્રકશન ઓફ ન્યુ ૨–લેન આર.ઓ.બી.ઈન લીયુ ઓફ એલ.સી.નં.૮૧/બી(જોષીપરા ફાટક) નિયર જુનાગઢ રેલ્વે સ્ટેશન ઈન જુનાગઢ સીટી એરીયા" સંબંધે પરફોર્મન્સ બોન્ડની બેંક ગેરંટી/એફ.ડી.આર. રજુ કરવા તેમજ કરાર કરવા જણાવવામાં આવેલ, તે બાદ સદર પેઢીએ આવશ્યક ડિપોઝીટ જમા કરાવેલ છે.

(૨) સરકારશ્રીના જાહેર હિતના પબ્લીક પ્રોજેકટ અનુસાર કામગીરી માટેનો કોન્ટ્રાકટ અને વર્કઓર્ડર મુજબનુ કામ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી થવામાં છે આ પ્રોજેકટ સાર્વજનીક હેતુ માટેનો પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ છે.

(૩) કેવીયેટરને વ્યાજબી દહેશત છે કે ભારતના કોઈપણ નાગરીક નામ.કોર્ટમાં દાવો કરી સરકારશ્રીના ફંડથી શરૂ થયેલ વિકાસની કામગીરી જે પબ્લીક પ્રોજેકટ છે તેમા અડચણરૂપ બનવાના પ્રયાસ સ્વરૂપે દાવો દાખલ કરે તેવી સંભાવના હોય આ જાહેર કેવીયેટની પ્રસિધ્ધી બે દૈનિક બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રમાં કરી કેવીયેટ રજુ છે.

(૪) ઉપરની હકીકતે અરજ કરવાની કે,
**કેવિયેટર વિરૂધ્ધ "કન્સ્ટ્રકશન ઓફ ન્યુ ૨–લેન આર.ઓ.બી.ઈન લીયુ ઓફ એલ.સી.નં.૮૧/બી (જોષીપરા ફાટક) નિયર જુનાગઢ રેલ્વે સ્ટેશન ઈન જુનાગઢ સીટી એરીયા" માટેના પબ્લીક પ્રોજેકટને અટકાવવા સંબંધે કોઈ પણ શહેરીજન કે નાગરિક ધ્વારા દાવો કરવામાં આવે તો કોઈ પણ એકતરફી હુકમ કરતા પહેલા કેવિયેટરને સાંભળવા અને રજુઆત કરવાની તક આપવા અરજ છે.**

(૫) આ કેવિયેટ જાહેર જનતા સંબંધે હોય દૈનિક વર્તમાનપત્રમાં જાહેર પ્રસિધ્ધિ આ કેવિયેટની કરવામાં આવેલ છે તે વર્તમાનપત્રની કોપી આ સાથે રજુ છે.

એ જ... જુનાગઢ. તા. /૦૮/૨૦૨૪

ભુવનેશ સી.કક્કડ
તે કેવીયેટરના વકિલ
મો.૯૭૨૩૦ ૧૩૨૮૨

માહિતી/જુના/જા.ખ./ ૨૭૦/૨૪


સંકલિત બાળ વિકાસ સેવા યોજના ગુજરાત રાજ્ય

सत्यमेव जयते ગુજરાત સરકાર

Towards a new dawn
મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકાર



**માનનીય વડાપ્રધાનશ્રીના નિર્દેશાનુસાર**
**"एक पेड़ माँ के नाम"નો**
**સંકલ્પ પહોંચશે જન જન સુધી**

પર્યાવરણની સુરક્ષા વધારી **વિકાસના અભિયાનને** વેગવંતુ કરાશે

**આંગણવાડીઓમાં ૩ લાખ વૃક્ષોના વૃક્ષારોપણ** થકી લોકોને **આ અભિયાનમાં જોડાવવા** પ્રોત્સાહિત કરાશે



**માનનીય મુખ્યમંત્રી**
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના**
વરદ્હસ્તે **"एक पेड़ माँ के नाम"**
અંતર્ગત **વૃક્ષારોપણ** કાર્યક્રમ

**તા.** ૫ ઓગસ્ટ, ૨૦૨૪
**સમય:** સવારે ૧૦:૦૦ વાગે
**સ્થળ:** આંગણવાડી કેન્દ્ર, સેક્ટર-૩ (ન્યુ), ગાંધીનગર

**પ્રેરક ઉપસ્થિતિ**
**માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**
સામાજિક ન્યાય અને અધિકારિતા તેમજ મહિલા અને બાળ વિકાસ, ગુજરાત રાજ્ય

**મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર**